જુલાઈ ૨૦૨૨

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫



'દાદા ભગવાન' તો મહીં પ્રગટ થયા છે તે છે.
તેને હું જ નમસ્કાર કર્યા કરું છું. મેં જાતે પૂર્ણ ભગવાન જોયા,
ચૌદ લોકના નાથ, એની જોડે રહું છું. હું એમને ભજું છું
અને તમને ભજવાનું શીખવાડું છું.

## અડાલજ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૪-૧૫ મે ૨૦૨૨



## અડાલજ : હિન્દી શિબિર : તા.૧૮ થી ૨૨ મે ૨૦૨૨



વર્ષ : ૨૭, અંક : ૧૧
સળંગ અંક : ૩૨૩
**જુલાઈ ૨૦૨૨**
પાનાં : ૩૨

**Editor : Dimple Mehta**
© 2022,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૬૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૫ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## મહીંલા 'દાદા ભગવાન'ને ત્રિકાળ નમસ્કાર

### સંપાદકીય

આ કાળમાં અક્રમ વિજ્ઞાની 'દાદા ભગવાન' મોક્ષદાતા થયા. તેઓ હંમેશાં કહેતા કે આ અક્રમ જ્ઞાનની પ્રાપ્તિ પછી સંસારના બંધનો આપણને બાંધી શકે એમ નથી. હું મારા આત્મામાંયે રહું છું અને સાથે આ સંસારની બધી ક્રિયાઓ પણ થાય છે, બેઉ કરી શકું છું. નિરંતર આત્મભાવમાં રહી શકાય એવું વીતરાગોનું જ્ઞાન આપણને મળ્યું છે, તેથી મોક્ષમાર્ગ ખીચડી કરવી એના કરતા સુલભ થઈ પડ્યો છે.

આવા જ્ઞાની પુરુષ કોઈ કાળે ભેગા થવા દુર્લભ હોય છે, અને ભેગા થાય તો ઓળખાણ પડવી મુશ્કેલ હોય છે. માટે આ ભવે એમની સાચી ઓળખાણ પડી જાય તો કામ થઈ જાય. દાદાશ્રી પોતાની ઓળખ આપતા હંમેશાં કહેતા કે આ જે દેખાય છે, એ તો ભાદરણ ગામના પટેલ છે અને 'કોન્ટ્રાક્ટ'નો ધંધો કરે છે, અને હું તો જ્ઞાની પુરુષ છું. 'દાદા ભગવાન' તો મહીં જે આત્મા વ્યક્ત થયો છે તે 'દાદા ભગવાન' છે.

''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન હોય. તમને જે નિરંતર યાદ આવે છે તે ખરા 'દાદા ભગવાન' છે ! તમારી મહીં પણ એ જ 'દાદા ભગવાન' બેઠા છે, એ જ ચેતન પ્રભુ છે, એ જ પરમાત્મા છે. એ જ અમારી મહીં પ્રગટ થયા છે ને તમારા પ્રગટ થવાના બાકી છે.'' હવે જ્ઞાની પુરુષનો દીવો પ્રગટેલો છે તે 'એને' તમારો દીવો અડાડી દો, તો તમારો દીવો પણ પ્રગટી જાય.

આપણે સ્થૂળ દાદાના દેહમંદિરને નમસ્કાર તો કરીએ છીએ, પણ પછી સૂક્ષ્મમાં દાદા જાગૃતિ રૂપે, આજ્ઞારૂપે કહેવાય અને એથી આગળ સૂક્ષ્મતર લેવલે નિરંતર જ્ઞાતા-દ્રષ્ટા પદમાં વર્તતા અનુભવ દશાવાળા જ્ઞાની પુરુષ અને એથી આગળ સૂક્ષ્મતમ લેવલે કેવળજ્ઞાન સ્વરૂપ દાદા છે, જે નિરાલંબ, એબ્સોલ્યુટ, પરમાત્મ દશાના દર્શન કરાવે છે. દાદા ભગવાનને નમસ્કાર કરતા એ સ્વરૂપ આપણે ખ્યાલમાં રાખવાનું છે કે દેહરૂપે આ છે, આજ્ઞારૂપે આ છે જ્ઞાની પદે આ છે અને મહીં પ્રગટ થયેલા મૂળ ભગવાન આ છે. એવા મૂળ દાદા ભગવાનના સ્વરૂપને સમજીને સાચા નમસ્કાર કરવાથી એમની શક્તિ આપણામાં પ્રગટ થાય છે.

પરમ પૂજ્ય દાદા ભગવાન ઉદ્‌બોધિત વાણીનું સંકલન અત્રે કરવામાં આવેલ છે, જે આપણને દાદા ભગવાન અને જ્ઞાની પુરુષની યથાર્થ ઓળખાણ પ્રદાન કરે છે. આપણા અહોભાગ્ય છે કે કળિકાળમાં આવા 'ન ભૂતો, ન ભવિષ્યતિ' એવા દાદા ભગવાનનો સંયોગ પ્રાપ્ત થયો. તો આવા આ ચૌદ લોકના નાથ ફરી ફરી ભેગા નહીં થાય, માટે એમને ઓળખીને એમને સાચા નમસ્કાર કરી અનંત અવતારની ખોટ પૂરી કરી લઈએ એવી હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# મહીંલા 'દાદા ભગવાન'ને ત્રિકાળ નમસ્કાર

## સંસારના બંધનો સામે 'વીતરાગોનું જ્ઞાન'

**પ્રશ્નકર્તા :** દાદાજી, જય સચ્ચિદાનંદ.

**દાદાશ્રી :** હા, જય સચ્ચિદાનંદ. કોને, વીતરાગને નમસ્કાર કરો છો ને ? થયું ત્યારે ! 'નમો વીતરાગાય' બોલ્યા એટલે પહોંચી ગયું મૂળ જગ્યાએ. જે કોઈ વીતરાગ હોય તેને પહોંચી ગયું.

**પ્રશ્નકર્તા :** સંસારથી આપ શી રીતે અલિપ્ત રહી શકો છો ?

**દાદાશ્રી :** સંપૂર્ણ વીતરાગતાથી. ધંધો-વેપાર કરીએ, 'ઈન્કમટેક્ષ'-'સેલટેક્ષ' બધું ભરીએ, સંસારની સેંકડો તલવારો નીચે પણ વીતરાગતામાં રહીએ. હાથ કાપી નાખે તોય વીતરાગતા રહે. સંસારના બંધનો આપણને બાંધી શકે એમ છે જ નહીં એવું 'વીતરાગો'નું જ્ઞાન છે. કોઈ ચીજથી બંધાય જ નહીં એવી આપણી 'જાત' છે. મોક્ષમાર્ગ અઘરો નથી, સંસારમાર્ગ અઘરો છે. સહેલામાં સહેલો મોક્ષમાર્ગ. ખીચડી કરવી એ એનાથી વધારે અઘરી છે !

**પ્રશ્નકર્તા :** આપે જે 'અક્રમ માર્ગ' કહ્યો, તે આપના જેવા 'જ્ઞાની' માટે બરાબર છે, સહેલો છે પણ અમારા જેવા સામાન્ય, સંસારમાં રહેતા કામ કરતા લોકોને માટે એ અઘરો છે. તો એને માટે શો ઉપાય ?

**દાદાશ્રી :** 'જ્ઞાની પુરુષ'ને ત્યાં ભગવાન પ્રગટ થઈ ગયેલા હોય, ચૌદ લોકના નાથ પ્રગટ થયેલા હોય; એવા 'જ્ઞાની પુરુષ' ભેગા થાય તો શું બાકી રહે ? તમારી શક્તિથી કરવાનું નથી, એમની કૃપાથી થવાનું છે. કૃપાથી બધો જ ફેરફાર થાય. માટે અહીં તો તમે માંગો તે બધોય હિસાબ પૂરો થાય. તમારે કશું કરવાનું નહીં. તમારે તો 'જ્ઞાની પુરુષ'ની આજ્ઞામાં જ રહેવાનું. જ્ઞાની પુરુષ પાસે બધું 'વિજ્ઞાન' હોય, એ શાસ્ત્રમાં ના હોય. શાસ્ત્રમાં તો આ બધું છોડ્યે જ છૂટકો થાય.

હું તમારી સાથે વાતચીત કરી શકું છું એટલે સંસારમાંય રહી શકું છું અને હું મારા પોતાનામાંય રહી શકું છું, બેઉ કરી શકું છું. આ સંસારની ક્રિયાઓ બધી કરવાની હોય છે, તેય કરું છું. સંસારમાંયે રહેવાય ને આત્મામાંયે રહેવાય ! સંસારમાં રહીએ છતાં સંસાર અડે નહીં, એનું નામ 'સમકિત.' એ તો 'જ્ઞાની પુરુષ'ની કૃપાથી પ્રાપ્ત થાય. 'જ્ઞાની પુરુષ'માં ભગવાન પ્રગટ થઈ ગયેલા હોય !

## હું તો લઘુતમ પુરુષ છું

**પ્રશ્નકર્તા :** આપને ભગવાન થવાનો મોહ ખરો ?

**દાદાશ્રી :** મને તો ભગવાન થવું, એ તો બહુ બોજારૂપ લાગે. હું તો લઘુતમ પુરુષ છું. આ વર્લ્ડમાંય કોઈ મારાથી લઘુ નથી એવો લઘુતમ પુરુષ છું.

**પ્રશ્નકર્તા :** તો આપ ભગવાન કેવી રીતે કહેવડાવો છો ?

**દાદાશ્રી :** હું પોતે ભગવાન નથી. લોકો મને ભગવાન કહે, પણ ભગવાન કોને કહેવાય ? આ દેહને કોઈ દહાડોય ભગવાન ના કહેવાય. દેહધારીને ભગવાન કેમ કરીને કહેવાય ? 'દાદા ભગવાન' તો મહીં પ્રગટ થયા છે તે છે. તેને હું જ નમસ્કાર કર્યા કરું છું. મારે ચાર ડિગ્રી ખૂટે છે, તો મારી ગરજે નમસ્કાર કરું છું. અને તમને શીખવાડું છું કે આ રસ્તે આવો. મેં જાતે જોયા, જાતે પૂર્ણ ભગવાન જોયા, ચૌદ લોકના નાથ

મેં જોયા, એની જોડે રહું છું. એની જોડે વાતો કરું છું અને એમને ભજું છું ને તમને ભજવાનું શીખવાડું છું.

## 'હું' ને 'દાદા ભગવાન' નહીં એક રે

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાન' કોણ ?

**દાદાશ્રી :** આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન હોય. તમને જે યાદ આવે છે તે ખરા 'દાદા ભગવાન' છે ! આ જે દેખાય છે, તે તો 'એ. એમ. પટેલ' છે અને મહીં બેઠા છે પ્રગટ પરમાત્મ સ્વરૂપ, તે 'દાદા ભગવાન' છે !

આ એ.એમ.પટેલ મહીં પ્રગટ થઈ ગયેલા 'દાદા ભગવાન'ની રાત-દહાડો ભક્તિ કરે છે ! અને હજાર-હજાર વાર એમને નમસ્કાર કરે છે !

**પ્રશ્નકર્તા :** એ 'દાદા ભગવાન' ક્યારે હાજર હોય ?

**દાદાશ્રી :** નિરંતર હાજર જ છે. આ બધાને નિરંતર હાજર રહેવાના !

આત્મા એ જ પરમાત્મા છે, પણ વ્યક્ત થવો જોઈએ. એ વ્યક્ત થઈ જાય, એનો ફોડ પડી જાય, પછી ચિંતાઓ જાય, ઉપાધિઓ જાય.

**પ્રશ્નકર્તા :** આપશ્રીને 'દાદા ભગવાન' કેમ કહે છે ?

**દાદાશ્રી :** તમે કોને ઓળખો છો ? આ જે દેખાય છે, તેમને કહો છો ? તમે તો એને જ ઓળખો ને ? આ જે દેખાય છે, એ તો ભાદરણ ગામના પટેલ છે અને 'કોન્ટ્રાક્ટ'નો ધંધો કરે છે. અને હું તો જ્ઞાની પુરુષ છું. 'દાદા ભગવાન' તો અંદર જે વ્યક્ત થયા છે, આત્મા વ્યક્ત થયો, પ્રગટ થયો, એ 'દાદા ભગવાન' છે. જેને સંસારીઓ 'પ્રગટ પુરુષ' કહે છે. એટલે દાદા ભગવાન જુદા છે ને હું જુદો છું. હુંય દાદા ભગવાનને નમસ્કાર કરું છું. કારણ કે મારે ત્રણસોને સાઠ ડિગ્રી પૂરી કરવાની છે.

અમે આ અંબાલાલ મૂળજીભાઈની જોડે એક ક્ષણ પણ તન્મયતા નથી કરી. જ્યારથી અમને જ્ઞાન ઉપજ્યું ત્યારથી ધીસ ઈઝ માય ફર્સ્ટ નેબર (આ મારા પહેલા પાડોશી છે). પાડોશીની જેમ રહીએ છીએ. હવે આ ભેદની લોકોને લાંબી સમજણ પડે નહિ.

## 'હું' દેખાઉ એવો છું નહીં

**પ્રશ્નકર્તા :** આપનો પરિચય આપશો ?

**દાદાશ્રી :** 'મને' તમે ઓળખી શકવાના નથી. 'આ' જે તમે જુઓ છો, એ તો અંબાલાલ પટેલ છે - ભાદરણ ગામના ! મને તો તમે ઓળખી જ ના શકો ને ! કારણ 'હું' આમ દેખાઉં એવો છું જ નહીં !

**પ્રશ્નકર્તા :** આપ એવું બોલ્યા કે હજુ અમને કોઈ ઓળખી શક્યા જ નથી.

**દાદાશ્રી :** આ વર્લ્ડમાં કોઈ હજુ ઓળખી શક્યો નથી.

**પ્રશ્નકર્તા :** અરે, પણ આ હીરા જેવું બધું ઓળખાય છે ને, તો તમારી ઓળખાણ ના પડે એમાં ભૂલ કોની ?

**દાદાશ્રી :** ઝવેરી ના હોય, તેને કોઈ શું કરે તે ? આજે જો એક સાધારણ ઝવેરી આવે ને તોય કહેશે, 'કહેવું પડે, કહેવું પડે ! અહો ! પૂર્ણ સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ !' અને એને વાર જ ના લાગે. ને વિનય કેવો સુંદર હોય આમ ! અને આ તો અમે હલાય હલાય કરીએ છીએ કે 'અમે જ્ઞાની છીએ, અમે ફલાણા છીએ' પણ હજુ તો એ કોઈએ ઓળખ્યા જ નથી !

## ઓળખવા મહીંલા દાદા ભગવાનને

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાન'ની ઓળખાણ આપ કેવી રીતે આપો છો ?

**દાદાશ્રી :** આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન હોય. જે સાચા 'દાદા ભગવાન', જે આખા વર્લ્ડના માલિક છે, આખા વર્લ્ડના ભગવાન છે, તે દાદા ભગવાનની વાત કરીએ છીએ. એ દાદા ભગવાન મહીં પ્રગટ થયા છે, ચૌદ લોકના નાથ પ્રગટ થયા છે. તે જાતે મેં જોયેલા છે, જાતે અનુભવેલા છે. એટલે હું ગેરેન્ટીથી કહું છું કે એ મહીં પ્રગટ થયેલા છે. હું હઉ આ ભગવાનને નમસ્કાર કરું છું. હું તો જ્ઞાની પુરુષ છું. આ દેખાય છે તે 'એ.એમ.પટેલ' છે અને ધીસ ઈઝ ધી કૅશ બેન્ક ! બોલતાંની સાથે જ તરત ફળ આપનારું છે. માંદો માણસ દવાખાનામાં આ બોલે તો તરત ફળ મળે.

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાન' શબ્દ પ્રયોગ કોના માટે કરેલો છે ?

**દાદાશ્રી :** 'દાદા ભગવાન' માટે ! મારે માટે નથી, હું તો જ્ઞાની પુરુષ છું.

**પ્રશ્નકર્તા :** કયા ભગવાન ?

**દાદાશ્રી :** દાદા ભગવાન, જે ચૌદ લોકનો નાથ છે. એ તમારામાંય છે, પણ તમારામાં પ્રગટ નથી થયેલા. તમારામાં અવ્યક્ત રીતે રહેલા છે અને અહીં વ્યકત થયેલા છે. તે વ્યકત થયેલા, એ ફળ આપે એવા છે. એ વ્યક્તની જોડે વિનયપૂર્વક બેસવાથી તમારા પણ વ્યક્ત થયા કરે. એક ફેરો આપણે બોલીએ ને, તોય કામ નીકળી જાય એવું છે. પણ ઓળખીને બોલીએ તો કલ્યાણ થઈ જાય અને સાંસારિક ચીજોની જો અડચણ હોય ને, તો તેય દૂર થઈ જાય. પણ એમાં લોભ નહીં કરવાનો, અને લોભ કરવા જાય તો પાર જ ના આવે. આપને સમજ પડી, દાદા ભગવાન શું છે એ ?

અને આ વાત કોણ કરે છે ? ટેપરેકર્ડ વાત કરે છે. કારણ કે 'દાદા ભગવાન'માં બોલવાની શક્તિ નથી અને આ 'પટેલ' તો ટેપરેકર્ડના આધારે બોલે છે. કારણ કે 'ભગવાન' અને 'પટેલ' બેઉ છૂટા પડ્યા એટલે ત્યાં આગળ અહંકાર કરી શકે નહીં. એ ટેપરેકર્ડ બોલે છે, એનો હું જ્ઞાતા-દ્રષ્ટા રહું છું. તમારીય ટેપરેકર્ડ બોલે છે, પણ તમારા મનમાં 'હું બોલ્યો' એવો તમને ગર્વરસ ઉત્પન્ન થાય છે. બાકી, અમારે પણ દાદા ભગવાનને નમસ્કાર કરવા પડે. અમારે દાદા ભગવાન જોડે જુદાપણાનો વ્યવહાર જ છે. વ્યવહાર જ જુદાપણાનો છે. ત્યારે લોકો એમ જાણે કે એ પોતે જ દાદા ભગવાન છે. ના, પોતે દાદા ભગવાન કેવી રીતે થાય ? આ તો પટેલ છે ભાદરણના.

## 'દરઅસલ' આત્મા એ જ દાદા ભગવાન

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાન' એટલે શું ? 'એ. એમ. પટેલ'નો આત્મા એ જ 'દાદા ભગવાન' ?

**દાદાશ્રી :** હા. બે જાતના આત્મા છે; એક 'મિકેનિકલ આત્મા' અને એક 'દરઅસલ આત્મા.' 'મિકેનિકલ આત્મા' ચંચળ હોય અને 'દરઅસલ આત્મા' એ 'દાદા ભગવાન' છે. તમારામાંય 'દરઅસલ આત્મા' એ જ 'દાદા ભગવાન' છે, એ જ 'પરમાત્મા' છે.

આ બધું બોલે, કરે, ખાય, પીએ, ધંધા કરે, શાસ્ત્રો વાંચે ધર્મધ્યાન કરે એ બધું 'મિકેનિકલ' છે, એ ન્હોય 'દરઅસલ આત્મા.'

આ કોણ બોલે છે ? આપની સાથે કોણ વાત કરે છે ?

**પ્રશ્નકર્તા :** એ જ્ઞાન તો મને નથી ખબર !

**દાદાશ્રી :** એટલે આ 'હું' તમારી જોડે વાત નથી કરતો. 'હું' તો ક્ષેત્રજ્ઞ તરીકે જોયા કરું છું. 'હું' મારા ક્ષેત્રમાં જ રહું છું. આ તમારી જોડે વાત કરે છે એ તો (ટેપ) રેકર્ડ વાત કરે છે, કમ્પ્લીટ રેકર્ડ છે. એટલે બીજી રેકર્ડ ઊતરી શકે છે. આય મિકેનિકલ રેકર્ડ છે બિલકુલ.

આ જે બોલે છે ને, એ ટેપરેકર્ડ છે, ઓરિજિનલ ટેપરેકર્ડ છે ! અને મહીં દાદા ભગવાન પ્રગટ થયેલા છે, તેની સાથે રહું છું એકતાથી ! અને કોઈ વખત બહાર નીકળીને અંબાલાલ સાથેય એકતાર થાઉં છું. બેઉ બાજુ વ્યવહાર કરવા દેવો પડે. અંબાલાલ સાથેય આવવું પડે. અત્યારે વ્યવહારમાં આવ્યો કહેવાય આ અને નહીં તો મહીં પોતે અભેદ રહે !

## દાદા ભગવાનનું સ્વરૂપ શું ?

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાનનું સ્વરૂપ શું છે ?

**દાદાશ્રી :** દાદા ભગવાનનું સ્વરૂપ કયું ? ભગવાન, બીજું શું ? જેને આ વર્લ્ડમાં કોઈ પણ જાતની મમતા નથી, જેને અહંકાર નથી, જેનામાં બુદ્ધિ નથી, એ દાદા સ્વરૂપ !

એમનું સ્વરૂપ શું છે ? જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ - એ એમનું સ્વરૂપ છે ! જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આધારે જે અનુભવમાં આવે છે તે 'દાદા ભગવાન' છે.

બાકી આ તો પટેલ છે. કાલે આ પરપોટો ફૂટી જાય તો લોકો એને બાળી મૂકે અને 'દાદા ભગવાન'ને કોઈ બાળી ના શકે. કારણ કે અગ્નિ સ્થૂળ સ્વરૂપ છે ને આત્મા સૂક્ષ્મ છે. સ્થૂળ સૂક્ષ્મને શી રીતે બાળે ? એવા જ જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ સ્વરૂપે રહેલા 'દાદા ભગવાન' તમારી મહીં પણ બિરાજેલા છે. તે તમે પોતે જ છો !

## દાદા ભગવાન અરૂપી સ્વરૂપે

(દાદા) ભગવાન કેવા સ્વરૂપમાં છે ? નિરંજન-નિરાકાર સ્વરૂપમાં છે.

મેં તો એ નિરંજન-નિરાકાર સ્વરૂપ ભગવાનને ઓળખ્યા છે. એ તો મહીં અંદરવાળા ભગવાનને, સાચા ભગવાનને, જે મૂળ ભગવાન છે ને, એમને ઓળખ્યા. એમનું નામ દાદા ભગવાન. એ મૂળ સ્વરૂપના, અરૂપી સ્વરૂપના, નિરંજન સ્વરૂપના દર્શન થયા તે બધો રોગ ચાલ્યો ગયો. આ તો કો'ક જ ફેરો કો'કને થાય. આ તો દસ લાખ વર્ષે આ થયું છે અને તે હું બધાને મૂળ સ્વરૂપે દર્શન કરાવડાવું છું.

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાન' ખરેખર અરૂપી છે કે રૂપી ?

**દાદાશ્રી :** ખરા અરૂપી છે જ ને ! એ અરૂપીને અમેય ભજીએ છીએ અને રૂપી ભગવાન તો જ્ઞાની પુરુષ છે જ. પણ એમને ભગવાન કહેવાનો શો ફાયદો ? એવી જોખમદારી કોણ લે ? એક અંશ પણ જોખમદારી ભગવાનની (ભગવાન થઈ બેસવાની) લેશે, તેને તો અનંત અવતાર સુધી નર્કગતિ છે. એને ખબર નથી કે આ જોખમદારી લેવાય કે ના લેવાય. ખબર નથી એટલે જોખમદારી લે લોકો ? અમે મનથી, વચનથી, કાયાથી એવી જોખમદારી ના લઈએ. જે છે એ છે. અમે તો 'જ્ઞાની પુરુષ' છીએ.

ત્યારે લોકો એમ પૂછે છે કે 'દાદા ભગવાન' એ તો તમારું સ્વરૂપ છે ને ? તો હું કહું છું, કે હા, મારું જ સ્વરૂપ છે, પણ હું એ સ્વરૂપ આજે થયો નથી. હું ત્રણસો છપ્પન ડિગ્રી ઉપર જ છું, ત્યાં સુધી હું 'જ્ઞાની પુરુષ' તરીકે રહેવા માગું છું.

## જ્ઞાની ને ભગવાનમાં આટલો ફેર

**પ્રશ્નકર્તા :** આપનામાં 'જ્ઞાની' કોણ અને 'દાદા ભગવાન' કોણ એ નથી સમજાતું.

**દાદાશ્રી :** જ્ઞાનના વાક્યો જે બોલે છે એમને વ્યવહારમાં 'જ્ઞાની' કહેવાય છે અને મહીં પ્રગટ થયા છે એ વગર તો જ્ઞાનવાક્યો નીકળે નહીં. મહીં પ્રગટ થયા છે એ 'દાદા ભગવાન' છે. અમારે પણ એ પદ લેવું છે એટલે અમે પણ 'દાદા ભગવાન'ને નમસ્કાર કરીએ. અમુક ટાઈમ અમે 'દાદા ભગવાન' જોડે અભેદ રહીએ, તન્મય રહીએ અને વાણી બોલતી વખતે મહીં 'ભગવાન' જુદા ને 'અમે' જુદા ! એટલે જેટલો કાળ અમે ભગવાન જોડે ભેગા રહીએ, અભેદભાવ હોય, એટલો કાળ સંપૂર્ણ સ્વરૂપ હોઈએ અને વાણી બોલીએ ત્યારે જુદું પડી જાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જ્ઞાની અને ભગવાનમાં શું ફેર છે ?

**દાદાશ્રી :** જ્ઞાનીમાં અને ભગવાનમાં એટલો ફેર કે જ્ઞાની સમજી શકે, બધુંય જોઈ શકે, જાણી શકે નહીં. આ જે દેખાય છે ને, એ તો ભાદરણના પટેલ છે ને હું તો જ્ઞાની પુરુષ છું અને દાદા ભગવાન જુદા છે, એ તો પરમાત્મા જ છે !

મારે ત્રણસો સાઠ ડિગ્રી પૂરી ના થઈ ને ત્રણસો છપ્પને ઊભું રહ્યું. તેથી અંદર જે પ્રગટ થયા છે તે ભગવાનને ને મારે માટે જુદાપણું રહ્યું છે. અને જો મને આ ત્રણસો સાઠ થયું હોત ને, તો અમે બન્ને એકાકાર થઈ જાત. પણ આ હવે જુદાપણું રહ્યું છે. કારણ કે આ આટલું નિમિત્ત હશે ને, આ લોકોનું કાર્ય કરવાનું, એટલે જુદાપણું રહ્યું છે.

અમે વાત કરીએ ત્યારે વાતમાં ના હોઈએ, વાતથી પર હોઈએ. વાતમાં હોઈએ તો બીજી જ મિનિટે અમે બદલાઈ જઈએ, પણ અમે બદલાઈએ નહીં.

'અમે' એટલે આ બાહ્ય દેખાય છે, તે 'અમે' નથી. આ દેખાય છે, તેના 'અમે' માલિક નથી. એના ટાઈટલેય અમારી પાસે નથી. મનના-વાણીના-દેહના માલિક 'અમે' નથી. 'અમે' કહીએ છીએ, ત્યારે 'દાદા ભગવાન'ની વાત કરીએ છીએ. અમે અમુક સ્ટેજમાં હોઈએ, ત્યારે 'દાદા ભગવાન' અને અમુક સ્ટેજમાં 'જ્ઞાની' હોઈએ. પ્રશ્નોના ખુલાસા આપે તે 'જ્ઞાની.' એટલે જ્યારે આ સત્સંગની વાતો ચાલે છે, ત્યારે મારે જ્ઞાની તરીકે રહેવું પડે છે અને નહીં તો અભેદભાવે રહી શકું છું. એટલે હું ભેદભાવે અને અભેદભાવે બંને રીતે રહી શકું છું. જ્યારે સંપૂર્ણ વીતરાગ તો અભિન્નભાવે જ રહેતા હતા. અમારે એટલી કચાશ છે કે આટલો ભેદભાવ જરા રહે છે.

## જ્ઞાની ને ભગવાનમાં જુદાઈ કેમ ?

**પ્રશ્નકર્તા :** આપ જ્ઞાની અને દ્રષ્ટા, તો આપની અને દાદા ભગવાન વચ્ચેનો સંબંધ શું ?

**દાદાશ્રી :** દાદા ભગવાનની ત્રણસો સાઈઠ ડિગ્રી છે, જ્યારે હું ચાર ડિગ્રીમાં નાપાસ થયો છું કેવળજ્ઞાનમાં. એટલે મારે આ તમારી જોડે બેસવું પડે છે. નાપાસ ના થયો હોત તો મોક્ષે જતો રહેત, પણ નાપાસ થયો ચોથા આરામાં, તે આ પાંચમા આરામાં આવવું પડ્યું મારે. ચાર જ ડિગ્રી ફેર છે આ. તેથી હું ભજું છું દાદા ભગવાનને આમ કરીને, અમારે ચાર ડિગ્રી પૂરી કરવાની ને ?

હવે મહીં દાદા ભગવાન પ્રગટ થયા છે, તે મારે ને એમને જુદાઈ કેમ રહી છે ? ત્યારે કહે, અમુક કાળ જુદાઈ રહે છે ને અમુક કાળ ભેગાય થઈ જાય છે. હવે જુદાઈ એટલા માટે રહે છે કે મારામાં અને એમનામાં ડિફરન્સ (ફેર) છે. એ ત્રણસોને સાઈઠ ડિગ્રીના છે અને મારે ત્રણસોને છપ્પન છે. ચાર ડિગ્રી પરથી મને એમની પાસેથી વિશેષ પ્રકાશ મળે છે. હવે એ પ્રકાશ મારે આ દુનિયામાં કોઈ ચીજને માટે

ખૂટતો નથી. ફક્ત કેવળજ્ઞાનના અંશમાં ખૂટે છે. કેવળજ્ઞાન સમજમાં આવી ગયેલું છે. કેવળજ્ઞાન છે પણ ખરું, પણ પાચનમાં નથી આવતું. હવે એ ચાર ડિગ્રી, એ એના માટે હેલ્પ કરે છે. એટલે હું દાદા ભગવાનને શું કરું છું ? આમ આમ હાથ જોડીને શું બોલું છું ? પોતે આ બોલે એટલે પોતાના મહીં ફૂલ ખીલતા જાય. છે આમાં જોખમવાળું છે કશું ?

**પ્રશ્નકર્તા :** કશું જ નહીં.

**દાદાશ્રી :** દાદા ભગવાન અંદર છે. 'આ' દાદા ભગવાન નથી, આ તો અંબાલાલ પટેલ છે. અમે જ્ઞાની પુરુષ છીએ અને જ્ઞાની તે પાછા કેવા ? જેનામાં બુદ્ધિનો એક છાંટો ના હોય એવા.

બુદ્ધિ હોય ત્યાં સુધી જ્ઞાન ના થાય. બુદ્ધિને ને જ્ઞાનને પાકું વેર, બુદ્ધિ જ્ઞાન ના થવા દે. બુદ્ધિ નાશ થયા પછી કેવળજ્ઞાન થાય. બુદ્ધિ તો અંધારું છે, બુદ્ધિ અજવાળું નથી. બુદ્ધિ એ આંધળાનું અજવાળું છે અને કેવળજ્ઞાન દેખતાનું અજવાળું છે.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન એટલે શું ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન એટલે જગતની બધી જ વસ્તુ, જેટલી જ્ઞેય અને દશ્ય છે એટલી બધી દેખાય એને. કારણ કે પોતે જ્ઞાતા-દ્રષ્ટા છે એટલે દેખાય બધું. કેવળજ્ઞાન એક એવું જ્ઞાન છે કે એના દેખાવામાં કોઈ વસ્તુ બાકી ના રહે. જેટલા જ્ઞેય છે એ બધા દેખાય, દશ્યો પણ બધા દેખાય. એટલે આ આમ આપણે જોયેલું એ ગપ્પું હોય, જ્યારે આમાં ગપ્પું નથી.

## કેવળજ્ઞાની ને જ્ઞાની પુરુષમાં ફેર

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાની અને જ્ઞાની પુરુષ એમાં ફેર કેટલો ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાની કોણ, કે જેને બધી વસ્તુ જ્ઞાનથી દેખાય, જ્યારે 'જ્ઞાની પુરુષ'ને બધી વસ્તુ સમજમાં હોય, બાધેભારે હોય. જ્યારે કેવળજ્ઞાનમાં પૂર્ણ ફોડ હોય, બાધેભારે ના હોય. કેવળજ્ઞાની કાર્ય સ્વરૂપે થયેલા હોય અને જ્ઞાની પુરુષ કારણ સ્વરૂપે થયા છે, એટલે કે કેવળજ્ઞાનના કારણો સેવી રહ્યા છે.

એટલે જ્ઞાની અને કેવળજ્ઞાનીમાં આમ કશોય ફેર નહીં. આત્મા 'કેવળજ્ઞાન સ્વરૂપ' છે પણ સત્તાએ કરીને ફેર છે. સત્તા એટલે આવરણને લઈને કેવળજ્ઞાન ના દેખાય, બહારનું દેખાય. સત્તા એની એ જ હોય. જેમ કોઈને દોઢ નંબરના ચશ્મા હોય અને કોઈને ચશ્મા ના હોય તો ફેર પડે ને ? એના જેવું છે.

ત્રણસો સાઈઠ ડિગ્રી પૂરી થાય ત્યારે એ કેવળજ્ઞાન કહેવાય અને એ તીર્થંકર ભગવાન કહેવાય. અમારે (જ્ઞાનીને) ત્રણસો છપ્પન ડિગ્રી છે.

## ૩૫૬ ડિગ્રી ને ૩૬૦ ડિગ્રીમાં શું ફેર ?

**પ્રશ્નકર્તા :** હવે દાદા જે કહે છે એ ત્રણસો છપ્પન ડિગ્રી ને ત્રણસો સાઈઠ ડિગ્રીમાં ફરક ક્યાં એ સમજાવો.

**દાદાશ્રી :** અમારું અંશ કેવળજ્ઞાન છે અને (તીર્થંકર) ભગવાનનું સર્વાંશ કેવળજ્ઞાન છે.

તીર્થંકરોને કેવળજ્ઞાનના બધા અંશોથી કેવળજ્ઞાન થયેલું હોય અને જ્ઞાનીઓને અમુક અંશોથી, બીજા અંશો બાકી રહેલા હોય.

## જ્ઞાનીને કેવળદર્શન સંપૂર્ણ

**પ્રશ્નકર્તા :** તમે કહો છો કે અમારી ત્રણસો છપ્પન ડિગ્રી છે અને દાદા ભગવાનની ત્રણસો સાઈઠ ડિગ્રી છે, ચાર ડિગ્રી બાકી છે અમારે. તો સત્યનું દર્શન થાય તો સંપૂર્ણ થાય, કાં તો બિલકુલ ના થાય, ખંડ-ખંડ તો ના હોય ને ?

**દાદાશ્રી :** ના, દર્શન સંપૂર્ણ છે, ત્રણસો સાઈઠ ડિગ્રીનું દર્શન છે. એટલે કહ્યું કે અમે કેવળદર્શન એટલે સંપૂર્ણ દર્શનમાં છીએ પણ વર્તનમાં સંપૂર્ણ નથી. પહેલું દર્શન થાય, પછી જ્ઞાન એટલે એનો અનુભવ થાય અને પછી વર્તન આવે. દર્શન સંપૂર્ણ છે તેથી તો આ જ્ઞાન અમને પ્રગટ થઈ ગયું, નહીં તો થાય કે ? આ તો સંપૂર્ણ દર્શન. અને નિશ્ચયથી 'હું જ છું આ.' અમારે નિશ્ચયથી બધુંય પ્રગટ થઈ ગયેલું હોય, ફક્ત ચાર ડિગ્રી જ કમી હોય. જેટલું કેવળજ્ઞાનીને જ્ઞાનમાં દેખાય, એટલું અમને સમજમાં આવી ગયું હોય. પેલું કેવળજ્ઞાન કહેવાય, અમારું કેવળદર્શન કહેવાય. એટલે અમે કહીએ છીએ કે આખા જગત વિશે અહીં આગળ પૂછી શકાય.

**પ્રશ્નકર્તા :** 'કેવળજ્ઞાન' વગર 'કેવળદર્શન' હોઈ શકે ?

**દાદાશ્રી :** ક્રમિક માર્ગમાં 'કેવળજ્ઞાન' વગર 'કેવળદર્શન' હોય નહીં. 'અક્રમ માર્ગ'માં 'કેવળદર્શન' થાય, પછી 'કેવળજ્ઞાન' થતા અમુક ટાઈમ લાગે.

ક્રમિકમાં પહેલું જ્ઞાન, પછી દર્શન ને પછી ચારિત્ર અને આપણામાં દર્શન, પછી જ્ઞાન ને પછી ચારિત્ર. એટલે આપણું જ્ઞાન તો અનુભવ જ્ઞાન છે.

## કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે જ્ઞાની પુરુષને કેવળજ્ઞાન ચાર ડિગ્રીએ અટક્યું છે અને આત્મજ્ઞાનની ઉપર ગયું અને કેવળજ્ઞાનના સ્ટેશને પહોંચ્યું નથી. હવે આત્મજ્ઞાનની ઉપર અને કેવળજ્ઞાનની નીચે એ બેની વચ્ચેની દશા છે દાદાની ?

**દાદાશ્રી :** હા, વચ્ચેની દશા છે.

**પ્રશ્નકર્તા :** એ દશા કઈ કહેવાય ?

**દાદાશ્રી :** એટલે નહીં આચાર્ય, નહીં તીર્થંકર, નહીં અરિહંત.

**પ્રશ્નકર્તા :** નહીં અરિહંત, નહીં આચાર્ય પણ એનું કંઈ પદ તો હશે ને ? કોઈ પદ કહેવાય નહીં એને ?

**દાદાશ્રી :** પદ એનું મૂકેલું નથી ને ! પાંચ જ પદો મૂક્યા છે. આ તો નાપાસ થયેલાને શેમાં મૂકવો ? પરીક્ષામાં પાસ થઈ જાય તેને અરિહંતમાં મૂકવો અને નાપાસ થયા એને શામાં મૂકવો ?

**પ્રશ્નકર્તા :** તો એ પાછા આચાર્યમાં નથી આવતા, વચ્ચેમાં રહે છે ?

**દાદાશ્રી :** ના, આચાર્યમાં શી રીતે આવે ?

**પ્રશ્નકર્તા :** આ તો દાદા, ત્રિશંકુ જેવી સ્થિતિ થઈ.

**દાદાશ્રી :** ના, ત્રિશંકુ આમાં લેવાદેવા નહીં. આ પોતે જ ભગવાન છે પણ એ નાપાસ થયેલા ભગવાન છે, બસ એટલું જ.

અત્યારે તો ચાર ડિગ્રીએ નાપાસ થયો હું, એટલે આ તમારે કામ લાગ્યો, આ બધા લોકોને. ફેલ ના થયો હોત, પાસ થયો હોત તો મોક્ષે જતા રહેત.

**પ્રશ્નકર્તા :** પછી નાપાસ કેમ થયા ?

**દાદાશ્રી :** કંઈ ભૂલ થઈ હશે, તેથી જ તો ને ! ભૂલ વગર તો કંઈ નાપાસ કરાય નહીં ને !

**પ્રશ્નકર્તા :** કેવી ભૂલ થઈ ? કઈ જાતની ભૂલ ?

**દાદાશ્રી :** ભૂલ અહંકારની થઈ હશે કંઈક. મહીં હુંપણું આવી ગયું હશે. 'હું જ છું, હું છું,

હું છું.' એ ભૂલને લઈને નાપાસ થઈ ગયા. હવે એ અહંકાર કાઢી નાખવો પડશે, તે કાઢી નાખ્યો બધો. હવે ચોખ્ખું કરી નાખ્યું.

## કેવળજ્ઞાનમાં અમારી કચાશ

**પ્રશ્નકર્તા :** તમને ચાર ડિગ્રી ઓછી છે, તો કઈ બાબતમાં ?

**દાદાશ્રી :** હા, તે આ દુનિયાદારી બાબતમાં નથી. એ તમારે બધાને કામ લાગવામાં નુકસાન નથી, પણ અમારે જે આગળનું જાણવાનું છે, જે સૂક્ષ્મતમનો અમુક ભાગ જાણવાનો બાકી છે, કે એના આધારે એબ્સૉલ્યૂટ જ્ઞાન સંપૂર્ણ કહી શકાય એમ નથી. એબ્સૉલ્યૂટમાં જરાક કચાશ છે. એબ્સૉલ્યૂટ છે ખરું, આ છે તે નિરાલંબ રહી શકાય ખરું, પણ બીજું જે જગત જાણવું જોઈએ, એ સમજમાં આવે છે ખરું, પણ જણાતું નથી. નહીં તો પછી વર્ણન બધું આપી શકું. ભગવાન મહાવીરે જે વર્ણન આપ્યું એ બધું જ વર્ણન આપું હું, પણ અત્યારે તો મારે ભગવાન મહાવીરનું વર્ણન કહેવું પડે છે કેટલુંક તો. કેટલુંક પૂછો તો જવાબમાં ભગવાન મહાવીરે કહેલું તે કહેવું પડે. હા, કેટલુંક મારું છે, પણ કેટલુંક ત્યાંનું હોય.

એટલે એ ચાર ડિગ્રી ખૂટે છે. એ જગતને કંઈ પણ નુકસાન ના કરે એવી એ ચાર ડિગ્રી છે. પણ એ ચાર ડિગ્રી ખૂટે એ છેલ્લું આવરણ છે, સૂક્ષ્મતમ આવરણ છે, તે જવાનું બાકી છે. જેના આધારે અહીંથી વસ્તુઓ બધી જણાવી જોઈએ એ મને સમજાય ખરી, પણ એ જણાય નહીં.

આ જગત જે આખું કેવળજ્ઞાનમાં દેખાવું જોઈએ મને, તે દેખાતું નથી. હમણે ઘડી પછી શું થશે તે મને દેખાતું નથી. હું બસમાં જઈશ કે શેમાં જઈશ તેય મને દેખાતું નથી. એ પેલા કેવળજ્ઞાનમાં બધુંય દેખાય. અહીંથી બસમાં જઈશ હું, બસ વચ્ચે રસ્તામાં અથડાશે તેય પણ દેખાય. પણ એમને ખેદ ના હોય. એ પછી દરિયે ડૂબી જાય તોય એમને ખેદ ના હોય. એટલે કેવળજ્ઞાનમાં બધું જગત દેખાય એ અમને દેખાતું નથી અને એની અમે ઉતાવળેય નથી કરતા.

## ચાર અંશ ખૂટ્યા તે ચારિત્રમોહના

**પ્રશ્નકર્તા :** એટલે તમને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં ચાર જ અંશ ખૂટે છે ?

**દાદાશ્રી :** તે તમને દેખાતા નથી થોડા ઘણા ?

**પ્રશ્નકર્તા :** નથી દેખાતા. અમને તો દાદા પૂર્ણ જ દેખાય છે !

**દાદાશ્રી :** આ પટીયા પાડ્યા છે, એ બધું નથી પાડ્યું એમણે ? શેના હારુ પટીયા પાડ્યા ? કોઈ કહેશે, પટીયા પાડવા હારુ તેલ ક્યાંથી લાવો છો ? આ વાળ કોની પાસે કપાવો છો ? આ વીંટી ક્યાંથી લાવ્યા છો, ચોરીને લાવ્યા છો ?

આ ચારિત્રમોહ જે દેખાય છે તમને, તે ભલે મને એની મૂર્ચ્છા ના હોય, છતાં સામાને દેખાય છે માટે એટલા અંશ બાદ થઈ જાય છે અને મારે ચાર ડિગ્રી ખૂટે છે એ. બિન સ્વાર્થ નહીં, હું મારા સ્વાર્થ હારુ બોલું છું.

અમારે ચાર ડિગ્રી ઈમ્પ્યૉર હોય. જ્ઞાનમાં બહુ ઈમ્પ્યૉરિટી ના હોય, એ વર્તનમાં ઈમ્પ્યૉરિટી હોય. કપડાં, કોટ-બૂટ બધું પહેરીએ ને, એ બધું વર્તન કહેવાય. પેલું તો આનીય કાળજી ના હોય, એ બૂટ-બૂટ કશાની. પહેરાવનાર મળે તો પહેરે અને ના પહેરાવનાર મળે તો એમને એમ અને આ તો કોઈ પહેરાવનાર ના મળે તો હું મારી મેળે બૂટ ખોળીને પહેરું. હું એમને એમ ના નીકળું એટલો ફેર. પેલાને ના પહેરાવનાર મળે તો ઐસે હી, પહેરાવનાર મળે તો તૈસે હી.

## તપ બાકી, તેથી અટક્યું કેવળજ્ઞાન

**પ્રશ્નકર્તા :** એટલે એ ચાર ડિગ્રીમાં આ દેખીતું આવ્યું ?

**દાદાશ્રી :** આ દેખીતું, બીજા તો કેવળજ્ઞાનને રોકે એવા દોષ છે, લોકોને નુકસાન કરે એવા નહીં. અમનેય દહાડામાં સો-સો ભૂલો થાય છે હજુય પણ, જે ભૂલો તમને કોઈને દેખાય નહીં એવી, પણ કેવળજ્ઞાનને રોકે એવી. આપણે તો કામ સાથે કામ છે ને ? આપણે તો મોક્ષે જવું છે. તે કોઈ કહેશે, 'તમારે ઢીલું રાખવું છે ?' ત્યારે કહે, 'ના, ઢીલેય નહીં ને ઉતાવળેય નહીં.' આપણને એવુંય નથી કે આપણે ઉતાવળ છે કોઈ જાતની. ઉતાવળ હોય જ નહીં ને વીતરાગતામાં ?

આ કેવળજ્ઞાનમાં ચાર ડિગ્રી અમારે ખૂટે છે તે અમુક ભાગ નહીં હોવાથી અમને આ જ્ઞાન અટક્યું છે. એ તપ સિવાય (વિના) જ્ઞાન અટક્યું છે. એ તપ પૂરું થઈ જાય ત્યાર પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય, નહીં તો ઉત્પન્ન થાય નહીં.

## કાળના લીધે પચ્યું નહીં

**પ્રશ્નકર્તા :** ચાર ડિગ્રી તમારી ખૂટવાનું કારણ શું ?

**દાદાશ્રી :** આ કાળને લીધે પૂરું ના થયું, નહીં તો કેવળજ્ઞાન અમારા હાથમાં જ હતું. પણ આ કાળને લઈને પચ્યું નહીં.

જ્ઞાની પુરુષ કેવળજ્ઞાન સ્વરૂપમાં રહેવાના જ આશયમાં હોય. પણ આ કાળને લઈને, કાળને હિસાબે કેવળજ્ઞાન સ્વરૂપમાં અખંડપણે રહી ના શકાય. પણ એમનો આશય કેવો હોય, કે નિરંતર કેવળજ્ઞાન સ્વરૂપમાં રહેવું. કારણ કે 'કેવળજ્ઞાન સ્વરૂપ'ને એ 'પોતે' જાણતા હોય. કેવળજ્ઞાન સ્વરૂપ જણાય છે, બીજું જગત જણાતું નથી. આ કાળની એટલી બધી જોશબંધ ઈફેક્ટ છે કે કેવળજ્ઞાન સ્વરૂપમાં રહી શકાય નહીં. જેમ બે ઈંચના પાઈપમાંથી પાણી ફોર્સબંધ આવતું હોય, તો આંગળી રાખે તો ખસી જાય અને અડધા ઈંચની પાઈપમાંથી પાણી આવતું હોય તો આંગળી ના ખસી જાય. એવું આ કાળનું જોશ એટલું બધું છે ! એટલે જ્ઞાની પુરુષનેય સમતુલામાં રહેવા ના દે !

## વર્તે ચૌદસે, પણ દીસે પ્રકાશ પૂનમનો

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, ચૌદસ અને પૂનમમાં આટલો ફેર પડી જાય છે, એમ ?

**દાદાશ્રી :** ઘણો તફાવત. ચૌદસ તો આપણને એવું લાગે એ રીતનું, પણ ઘણો તફાવત. અમારા હાથમાં તો કશું છે જ શું ? એમના હાથમાં જ બધું ! પણ અમને સંતોષ રહે, પૂનમ જેટલો. અમારી શક્તિ પોતાના માટે એટલું કામ કરતી હોય કે પૂનમ અમને થયેલી હોય એવું લાગે.

**પ્રશ્નકર્તા :** દાદા, આખો મોક્ષ અટકી પડ્યો, ચાર માર્કમાં ?

**દાદાશ્રી :** ચાર ખૂટે છે એટલે નાપાસ થયેલા છે, એટલું ચાલે નહીં ? ના, એવું ચાલે નહીં. વૈજ્ઞાનિક રીતે ના ચાલે, પછી એ ગામઠી રીતે ચાલે.

એ તો કેવળજ્ઞાનમાં ચાર ડિગ્રી ખૂટે છે. એ ખૂટવાથી બહુ ખોટ આવે છે. છેલ્લો એક ટકો તો બહુ ખોટવાળો છે, તો ચાર ભેગા થયા તે કેટલી ખોટવાળો હોય ! અને એની આપણે અત્યારે અહીં જરૂર નથી. આપણે કોઈ કામ અટક્યું નથી.

## ખૂટતા માર્ક માટે ના ખપે પરતંત્રતા

અમારો આખો મોક્ષ અટક્યો છે ચાર માર્કને

કારણે. અને એ કાળચક્રના આધારે આ બેસી રહ્યો છું. લોકોનું કલ્યાણ થવાનું હશે, તેથી બેસી રહ્યો. તે અમને નુકસાનેય નથી. લોકોનું કલ્યાણ થાવ. અમે તો મોક્ષમાં જ રહીએ છીએ.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, ચાર માર્ક જ રહી ગયા હતા ને તમારે તો મૂળ વસ્તુ પકડવી હતી ને ?

**દાદાશ્રી :** તે પણ એ કંઈ ભૂલ એમની નથી, એ તો કહે કે તમને હમણે પાસ કરી દઈએ. અમારે પેપર જોવામાં ભૂલ થઈ છે. હું કહું, ના બા, એવી તમે માથાકૂટ કરશો નહીં. મને આ વાત સાંભળવાની નવરાશ નથી. તમે માર્ક ઉમેરવાની વાત મારી પાસે કરશો નહીં. હું તો સ્વતંત્ર થયેલો છું. તમે માર્ક ઉમેરી આપો એટલે મારે પરતંત્ર થવું પડે. હા, એક અમારા ઉપરી આ, સીમંધર સ્વામી !

**પ્રશ્નકર્તા :** તમે શું કરો તો તમને ચાર ડિગ્રી મળી જાય ?

**દાદાશ્રી :** કશું કરવાની જરૂર ના હોય એમાં. આ ફક્ત મારી ઈચ્છા પૂરી થઈ જાય ને એટલે મળી જાય. મારા જેવું સુખ લોક પામો, જગત. અને આ લોકોના સમસ્ત દુઃખો જાવ, એ જે ભાવના છે ને, એય પૂરી થઈ ગઈ કે મારું કામ પૂરું થઈ ગયું.

## કેવળજ્ઞાનમાં નાપાસ, તેથી કામ લાગ્યા

**પ્રશ્નકર્તા :** આપ આપના જ્ઞાનમાં ભૂત-ભવિષ્યનું કંઈ જોઈ શકો ? કંઈ જાણી શકો ખરા ?

**દાદાશ્રી :** ના, મને એવું જ્ઞાન નથી કે હું જોઈ શકું. હું તો આત્મજ્ઞાન અને કેવળજ્ઞાનની બેની વચ્ચેની વાતચીત કરી શકું.

હું એવરી સેકન્ડ એલર્ટ છું અને એલર્ટ ઈન ત્રણસો છપ્પન ડિગ્રી. ચાર ડિગ્રીમાં એલર્ટ નથી તેને લઈને આ હું નાપાસ થયો, તે અહીંયા આવ્યો છું. આ તો હું કેવળજ્ઞાનમાં નાપાસ થયો, તે આ તમારે કામ લાગ્યો, મોનિટર તરીકે. કરોડો અવતારે જે નથી થાય એવું, આ તો એક્સ્પર્ટ મળ્યા ને, તો કામ થઈ જાય. બીજું કશું નહીં. એટલે આપને જે કંઈ કામ કાઢવું હોય તે કઢાય. કાયમનું સુખ જોઈએ છે તોય તે મળે અહીં.

મારી જાતિ જુદી છે આખી, તે આ કેવળજ્ઞાનની જાતિ છે. હું તો આ કેવળજ્ઞાનમાં ફક્ત નાપાસ થયેલો છું એટલું જ. મને એ વાંધો નથી. મને તો એમાં શું ? મને તો એ મોક્ષ વહેલો મળ્યો કે મોડો મળ્યો, મને પોતાને નિરંતર મોક્ષ વર્તે જ છે. મોક્ષ એટલે મુક્તભાવ, ભાવથી મુક્ત. દુનિયાનો કોઈ ભાવ એવો નથી કે જે પ્રવેશ પામે. એ જ્ઞાની પુરુષને બાંધે નહીં ભાવથી. દુનિયાનો ભાવ કોઈ પણ બાંધે, લોકો કશું જુએ ને કંઈક બાંધે, એવું અમે ન બાંધીએ, એટલે લોકોને લાભકારી છે. આટલો નાપાસ થયો છું, તે લોકોને લાભ થાય છે.

આવું બન્યું જ નથી વર્લ્ડમાં, આ દસ લાખ વર્ષમાં બન્યું નથી આવું ! ધીસ ઈઝ ધી ફર્સ્ટ ટાઈમ. (આ પહેલી વાર છે.) કારણ કે જે ડિગ્રીએ કેવળજ્ઞાન થાય, તે ડિગ્રીમાં નાપાસ થયેલો માણસ પડી રહેતો નથી. આ હું એકલો જ પડી રહેલો છું, તેનો તમારે ભાગે આવ્યો છું. તમને સમજાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, હા, દાદા.

**દાદાશ્રી :** આખા જગતનો ફોડ પાડવા માટે આવ્યો છું. હું નિમિત્ત છું અને મારે મોક્ષે જવાની ઉતાવળ નથી. હું મોક્ષમાં જ રહું છું, કાયમને માટે.

આ જ્ઞાન એ એક અજાયબી છે ને !

જે જ્ઞાન સર્વજ્ઞના હૃદયમાં હોય, તે અમારા હૃદયમાં છે. સર્વજ્ઞ પદ ઉત્પન્ન થયા વિના એક પણ વસ્તુ કોઈનેય દેખાય નહીં. મને સર્વ વસ્તુ જેમ છે તેમ દેખાય છે. આ જગતનું કોઈ પરમાણુ બાકી નથી, કોઈ તત્ત્વ એવું નથી કે મારા જ્ઞાનની બહાર હોય. જગતના દરેક તત્ત્વોનો જ્ઞાની છું.

હું જ્ઞાનસ્વરૂપની બહારે એક સેકન્ડેય નથી રહ્યો, કોઈ વખત. જ્ઞાન સ્વરૂપની બહાર સેકન્ડેય ના રહેવું એનું નામ કેવળજ્ઞાન કહેવાય. કેવળજ્ઞાન એ વસ્તુ જુદી છે અને કેવળજ્ઞાન સ્વરૂપ એ વસ્તુ જુદી છે. કેવળજ્ઞાન એટલે બધા જ જ્ઞેયો ઝળકવા. અમને બધા જ્ઞેયો ઝળક્યા નથી પણ ઘણા ખરા જ્ઞેયો ઝળક્યા, તેથી તો અમારી વાણીમાં તમને નવું નવું સાંભળવાનું મળે કે નવા નવા ઊંડા ઊંડા પોઈન્ટો જાણવા મળે. બધી નવી નવી વાતો અને શાસ્ત્રની બહારની જ બધી વાતો ! એ તો કેવળજ્ઞાનના બધા પર્યાય છે, પણ સંપૂર્ણ સ્વરૂપે ઝળક્યું નથી. ચાર ડિગ્રી ઓછું રહ્યું. એટલે હું જ્ઞાની પુરુષ તરીકે રહ્યો છું. તેથી હું મારી જાતને ભગવાન કહેવડાવતો નથી. જો મને પોતાને કેવળજ્ઞાન પ્રગટ થયું હોત તો ભગવાન કહેવાત, પણ આ કાળમાં થાય એવું નથી.

## દાદા ભગવાનની હાજરીની અનુભૂતિ

**પ્રશ્નકર્તા :** આપની હાજરીમાં જે આનંદની 'ફિલિંગ્સ' (અનુભૂતિ) થાય છે એ પણ એટલી બધી બ્યૂટીફૂલ (સુંદર) છે !

**દાદાશ્રી :** હા, તો એ ભગવાન કેવા હશે ? ભગવાનની બ્યૂટી જોઈએ ને, તો આપણને ભૂખેય ના લાગે, તરસ ના લાગે. કશી જરૂરિયાત ના પડે. અને આનંદ, આનંદ ને આનંદ જ રહ્યા કરે, એવી બ્યૂટી છે.

**પ્રશ્નકર્તા :** આપની હાજરીમાં વિશેષ શાંતિ વર્તાય છે.

**દાદાશ્રી :** એ તો આ હાજરીની તો વાત જ જુદી ને ! આ તો મારી હાજરી તમને દેખાય છે, પણ મને જેની હાજરી દેખાય છે તે હાજરી તમને હઉ વર્તે છે. ચૌદ લોકનો નાથ, આખા બ્રહ્માંડનો નાથ પ્રગટ થયો છે અંદર, એનો મનેય લાભ મળે છે અને તમનેય લાભ મળે છે. આટલી નજીકતા (નિકટતા) જોઈએ, બસ. જેટલો નજીક એટલો લાભ અને આજુબાજુ વાતાવરણ તો સારું રહે જ. એમાં પાછો વાતાવરણનો ફેર ! પણ નજીકનો લાભ મળવાનો અને તે સમજીને પાછું, સમજ્યા વગરનો લાભ નહીં.

**પ્રશ્નકર્તા :** જ્યારે તીર્થંકરો વિચરતા એવું વાતાવરણ લાગ્યું...

**દાદાશ્રી :** વાતાવરણ બધું હાજરીથી ચેન્જ થઈ જાય. પણ આ તીર્થંકરનું વાતાવરણ તો અનકમ્પેરેબલ (સરખાવી ન શકાય તેવું) હોય. કમ્પેર જ ના કરી શકાય. તીર્થંકરને દેહ હઉ ભગવાન !

## દાદા ભગવાન તે જ ચૌદ લોકના નાથ

**પ્રશ્નકર્તા :** આપ કહો છો કે ચૌદ લોકનો ધણી પ્રગટ થયો છે એટલે શું ?

**દાદાશ્રી :** એ બધું તમારામાં પણ છે. ચૌદ લોકનો ધણી પ્રગટ થયો તે શું, કે જ્યાં ફુલ સ્કેલમાં (પૂર્ણ રીતે) પોતે હાજર થયા છે. જ્યાં આવરણ નથી રહ્યું.

જે આત્મા જોઈ શકે એને કેવળજ્ઞાન કહેવાય છે. તેથી અમે કહ્યું ને, અમને કેવળજ્ઞાન પચ્યું નથી. આટલું બધું જ્ઞાન હોવા છતાં અમારે બધું જગત દર્શનમાં આવ્યું પણ જ્ઞાનમાં નથી

આવ્યું. અને કેવળજ્ઞાન કેવું હોય ? કંઈ બાકી જ ન રહે. એટલે અમે સમજી ગયા કે આટલે આ ડિગ્રીએ આવીને ઊભું રહ્યું હવે. આ તો ત્રણસો છપ્પન અમે કહી દીધું, પણ ત્રણસો સત્તાવન થતું નથી પાછું અને આપણે કરવુંય નથી. મારી ઈચ્છાએય નહીં. મારે શું ? હે વ્યવસ્થિત, તારે ગરજ હોય ત્યારે કરજે ને ! આપણે તો ગાડીમાં બેઠા, પછી ગાડીવાળાને ભાંજગડ !

પુસ્તકમાં જેમ લખ્યું છે કે અમે 'એ.એમ. પટેલ' છીએ અને મહીં 'દાદા ભગવાન' પ્રગટ થયેલા છે અને તે ચૌદ લોકનો નાથ છે. એટલે જે ક્યારેય સાંભળવામાં ના આવ્યું હોય એવા આ અહીં પ્રગટ થયેલા છે.

એક ભાઈ મને કહેતા'તા, કે તમારી પાસે બેસવાથી એકદમ શાંતિ થઈ ગઈ. ત્યારે કહ્યું, ચૌદ લોકના નાથની જોડે હું બેઠો છું ને તમે મારી જોડે બેઠા છો. ત્યાં શાંતિ તો શું, આનંદ વર્તે ! અમારે તો મહીં અપાર સુખ વર્તતું હોય.જેને કોઈ અપેક્ષા જ ના હોય, જે નિરપેક્ષ દશા છે.

## ચૌદ લોકના નાથ જોડે અભેદતા

**પ્રશ્નકર્તા :** આપ જે કહો છો કે મહીં ચૌદ લોકનો નાથ પ્રગટ થઈ ગયો, તો એ ચૌદ લોકનો નાથ જ આપને અનુભવમાં આવે છે, એ કઈ રીતે અનુભવમાં આવે છે ?

**દાદાશ્રી :** એકતા લાગવી જોઈએ, જગતના જીવમાત્ર જોડે એકતા લાગવી જોઈએ. ભેદાભેદ ના લાગવા જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે આમ સ્પષ્ટ એકતા લાગે આપને ?

**દાદાશ્રી :** એકતા જ લાગ્યા કરે. એટલે કોઈનો દોષ કશું દેખાય નહીં, નિર્દોષ જ દેખાય બધું. એ જ પૂર્ણ દશા ! પૂર્ણ દશા એટલે શું કે આ બધું નિર્દોષ જોયું, પછી અનંત શક્તિઓ હોય પાર વગરની !

**પ્રશ્નકર્તા :** એ શક્તિઓ કેવી હોય ? આપણને એ શક્તિઓની બધી ખબર પડે ને ?

**દાદાશ્રી :** બધી બહુ શક્તિઓ હોય. પણ એ બધી આ સંસારમાંથી મુક્ત કરનારી શક્તિઓ હોય. આવી સંસારી શક્તિઓ નહીં. એટલે બધાને અડચણ હોય તો તે પ્રમાણે કાઢી આપે ને, કે ભઈ, તું આમ કરજે, તું આમ કરજે.

**પ્રશ્નકર્તા :** એટલે શક્તિઓ આપને અનુભવમાં આવે ?

**દાદાશ્રી :** બધી અનુભવમાં આવે અને પ્રગટ થાય.

**પ્રશ્નકર્તા :** મહીં પ્રગટ થયેલા છે તો એનો અનુભવ આમ એની સ્વસત્તાને લીધે રહે ?

**દાદાશ્રી :** નહીં, બધા જોડે અભેદતા લાગવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** ચૌદ લોકનો નાથ પ્રગટ થયો ત્યારે તમને ખબર પડી, એ શેનાથી ખબર પડી ? એ વખતે શું અનુભવ થયો ?

**દાદાશ્રી :** બધા જ અનુભવ થાય ને ! એ દશાની શક્તિ પોતાને ઉત્પન્ન થયેલી દેખાય ને ! એ શક્તિઓ બધી સંપૂર્ણ શક્તિ ઉત્પન્ન થતી દેખાય. પણ જગતને કામનું નહીં. જગત તો પૌદ્‌ગલિક વસ્તુ ખોળે. આ અહીં ચૌદ લોકનો નાથ પ્રગટ થયો છે, એવું સમજીને જો દર્શન કરી જાય તો કલ્યાણ થઈ જાય !

## આવા ભગવાન મળ્યા પછી જવાબદારી એમની

મહીં ચૌદ લોકનો નાથ પ્રગટ થયો છે,

એની ગેરેન્ટી હું આપું છું. કારણ કે એ હજુ મને હઉ ચેતવે છે, મારી ભૂલ દેખાડે છે હજુય ! મારી ભૂલો કઈ ? સૂક્ષ્મતમ ભૂલો, જે જગતને નુકસાનકર્તા ના હોય તોય ભૂલ ગણાતી હોય, એ ભૂલો બતાવે, ત્યારે એ ચૌદ લોકનો નાથ કેવો હશે તે ? એટલે આવો નાથ અમે જોયેલો. એટલે અમારે નાથ થવાની ઈચ્છા જ નહીં થયેલી. ભગવાન થવાની ઈચ્છા જ નથી થયેલી. આવા ભગવાન મળ્યા પછી આપણે શું કામ ભગવાન થઈએ ? આ જવાબદારીમાં કોણ પડે ?

**પ્રશ્નકર્તા :** તમે જવાબદારીમાંથી છટકી તો શકશો નહીં.

**દાદાશ્રી :** ના, છટકી શકવાની એ વાત નહીં, પણ આ ભગવાન તરીકેની જવાબદારી, એ નકામી જવાબદારી કોણ લે ? મહીં છે ભગવાન, એ ના હોય તો લેવી પડે ! મહીં ભગવાન પ્રગટ ના થયા હોત તો લેવી પડે. પ્રગટ થયા છે, પછી શું કરવા એ જવાબદારી લઈએ ? ઘરમાં શેઠ બેઠા હોય તો પછી આપણે શેઠાઈ કરીને કામ જ શું છે ? છો ને, શેઠ કર્યા કરશે !

ચૌદ લોકનો નાથ અમારી મહીં પૂર્ણ પ્રગટ થયો છે. છતાં એ પદ મારું નથી એમ કહીએ છીએ, એનું શું કારણ ? અમારામાં કિંચિત્‌માત્ર પણ દોષો જે છે, જેને આ જગત સમજી ના શકે એવા દોષને, એ સૂક્ષ્મતમ દોષો, તે પણ 'એ' અમને દેખાડે છે. સૂક્ષ્મતમ બધા જ દોષો દેખાડે, એકેય બાકી ના રહે. એટલે 'એ' દેખાડનાર છે અને 'અમે' જાણનાર છીએ. એમના દેખાડવાથી અમે આ દોષને જાણ્યો. તેના ઉપરથી હું જાણું કે આ 'એ' પોતે પ્રકાશ આપનારા કેવા હશે ? એટલે મહીં છે એ પૂર્ણ અવતાર છે, પૂર્ણ દશા છે, પૂર્ણ પ્રગટ છે ! અને તે અમને બધા દોષ દેખાડ્યા વગર રહે નહીં. આ તમને તમારી સ્થિતિ પ્રમાણે એ પ્રગટ થાય અને તે પ્રમાણે તમને દેખાડે.

એટલે અમારી એક પણ સ્થૂળ ભૂલ નથી, એક પણ સૂક્ષ્મ ભૂલ નથી. અમારી જે સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ભૂલો, જે વર્લ્ડમાં કોઈને નુકસાન ન કરે એવી ભૂલો, તેનો પ્રકાશ મને આ દેખાડે છે ! તેના પરથી હું જાણું કે 'એ' પોતે પ્રકાશ આપનાર કેવા હશે !

જ્યાં સુધી દોષો છે, ત્યાં સુધી પૂર્ણ દશા પોતાની કહેવાય નહીં. એ બધા જ દોષો જાય ત્યારે એ દશા ઉત્પન્ન થાય પોતાની, ત્યાં સુધી ભલે ગમે તે સૂક્ષ્મતમ દોષ હોય પણ દોષ છે ત્યાં સુધી એ દશા પોતાની કહેવાય નહીં. પોતાનું કહેવું એ જોખમ છે. લોકોને સમજણ ના હોય તો જોખમદારી લે, પણ સમજણવાળો તો કોઈ જોખમદારી લે નહીં ને !

## ભૂલો દેખાડનાર ચૌદ લોકનો નાથ

મારી જે સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ભૂલ હોય, જે કેવળજ્ઞાનને રોકતી હોય, કેવળજ્ઞાનને આંતરે એવી ભૂલ હોય, તે ભૂલ 'ભગવાન' 'મને' દેખાડે. ત્યારે 'હું' જાણું ને, કે 'મારો ઉપરી છે આ.' એવી ના ખબર પડે ? આપણી ભૂલ દેખાડે એ ભગવાન ઉપરી ખરો કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે.

**દાદાશ્રી :** તેથી અમે કહીએ છીએ ને કે, આ ભૂલ જે અમને દેખાડે છે એ ચૌદ લોકનો નાથ છે. એ ચૌદ લોકના નાથના દર્શન કરો. ભૂલ દેખાડનાર કોણ છે ? ચૌદ લોકનો નાથ !

અને એ દાદા ભગવાન તો મેં જોયેલા છે, સંપૂર્ણ દશામાં છે અંદર, એની ગેરેન્ટી આપું છું. હું જ એમને ભજું છું ને ! અને તમનેય કહું છું

કે 'ભઈ, તમે દર્શન કરી જાવ.' દાદા ભગવાન ૩૬૦ ડિગ્રી ને મારે ૩૫૬ ડિગ્રી છે. એટલે અમે બે જુદા છીએ, એ પુરવાર થઈ ગયું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો ને !

**દાદાશ્રી :** અમે બે જુદા છીએ. મહીં પ્રગટ થયેલા છે એ દાદા ભગવાન છે. એ સંપૂર્ણ પ્રગટ થઈ ગયા છે, ઝળહળ જ્યોતિ સ્વરૂપ !

## દાદાના દર્શન 'ઠેઠ'ને પહોંચે

મહીં જે બેઠા છે દાદા ભગવાન, એ મારા પણ ભગવાન છે. પણ એ ઉપરીપણું ના કહે છે, 'તમે મારા ઉપરી.' મેં કહ્યું, 'કેમ એમ ?' ત્યારે કહે કે 'તમે મને બહુ દહાડા ઉપરી તરીકે ભજ્યો છે. માટે હવે મારે તમને ઉપરી તરીકે રાખવાના કે તમે આ લોકોનું કલ્યાણ કરો.' મેં કહ્યું, 'તમે કલ્યાણ કરો ને !' તો કહે છે, 'મારાથી શી રીતે કલ્યાણ થાય ? મારે તો વાણી નહીં, કશુંય નહીં.' એટલે ભગવાને અમને ઉપરીનું પદ જાતે આપ્યું. તેમણે કહ્યું કે 'અમે પાત્ર શોધતા હતા, તે અમને તમારામાં દેખાયું. અમે તો હવે સંપૂર્ણ વીતરાગ થઈ મોક્ષમાં બેઠા છીએ. હવે અમે કોઈનુંય કાંઈ ધોળી ના શકીએ. માટે તમે પ્રગટ સ્વરૂપે સર્વ શક્તિમાન છો. દેહધારી હોવા છતાં સંપૂર્ણ વીતરાગ છો. તેથી અમે તમને અમારુંય ઉપરીપણું આપીએ છીએ ને તમે જગતનું કલ્યાણ કરો !' તે અમે ભગવાનનાય ઉપરી થયા છીએ ! ચૌદ લોકના નાથના, અમે આજે ઉપરી છીએ. સર્વ સિદ્ધિ સહિત આ જ્ઞાનાવતાર પ્રગટ્યો છે ! મૂઆ, તારો દીવડો સળગાવીને ચાલતો થા, બહુ ફેંદ ફેંદ ના કરીશ.

વણતોલ્યા ને વણમાપ્યા જ્ઞાની પુરુષ, તેમની તું શું કિંમત કરવાનો છે ? ઘેર બાયડી તો તને ટૈડકાવી જાય છે કે તમારામાં અક્કલ નથી, તે તમે જ્ઞાની પુરુષને શું માપી શકવાના છો ? ઝવેરીપણું છે તમારામાં ? અલ્યા, મને માપવા જઈશ તો તારી જ મતિ મપાઈ જશે. એના કરતાં બધી જ આડાઈઓને (મુંબઈની) વાંદરાની ખાડીમાં પોટલું વાળીને નાખી આવ અને પાંસરો થઈને, સીધો થઈને 'હું કશું જ જાણતો નથી' કહી દે અને 'અનંત કાળની ભટકામણમાંથી છોડાવો' એમ કહે. બસ એટલું જ કહે એટલે અમે તારો ઉકેલ લાવી નાખીશું. જ્ઞાની પુરુષ ચાહે સો કરે, કારણ કે મોક્ષદાનનું લાયસન્સ એમના હાથમાં હોય !

અમારા પાંચ જ મિનિટના દર્શનથી તમારું ભવોભવનું કલ્યાણ થાય તેમ છે. અહીં બધા જ ભગવાનના દર્શન થાય તેમ છે. તમારે જેના દર્શન કરવા હોય તે કરજો.

આ 'દાદા'ની અને તેમના મહાત્માઓની હવાથી જ જગત કલ્યાણ થઈ જશે. હું નિમિત્ત છું, કર્તા નથી. અહીં તો જેને ભાવના થઈને 'દાદા'ના દર્શન કર્યા તો એ દર્શન 'ઠેઠ'ને પહોંચે છે.

## 'દાદાના' દેહમંદિરના દર્શન કરી લેજો

તમને ગમ્યું કે બધું ?

**પ્રશ્નકર્તા :** ગમવા-ના ગમવાની વસ્તુ જ ક્યાં રહી ? દુર્લભ એવા આપના દર્શન અમને થઈ ગયા.

**દાદાશ્રી :** કલ્યાણ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** આપના દર્શનથી મારા આત્માનું કલ્યાણ થઈ ગયું એવું હું માનું છું.

**દાદાશ્રી :** આ દર્શનથી જ થઈ જાય. પણ આ દર્શન કરતા આવડવું જોઈએ. અમે હઉ આ ભગવાનના દર્શન કરીએ છીએ. શેને લીધે

કરીએ એ જાણો છો તમે ? અમે આ અંદર સાહેબને નમસ્કાર કરીએ છીએ, શું કામ ? ત્યાં ચૌદ લોકનો નાથ પ્રગટ થયો છે. જે અત્યંત કલ્યાણકારી સ્વરૂપે છે ! આખો કળિયુગનો નાશ કરવાવાળો છે. કળિયુગમાં સત્‌યુગનું ભાન કરાવે છે. સત્‌યુગેય આવો ન્હોતો એવું ભાન કરાવે છે.

દસ લાખ વરસ પછી આજે આ 'દાદા ભગવાન' આવ્યા છે ! પ્રત્યક્ષ ભગવાન આવ્યા છે ને તેનું આ દેહ તો મંદિર છે, તો તે મંદિર નાશ થઈ જાય તે પહેલાં મંદિરમાં બેઠેલા પ્રગટ 'દાદા ભગવાન'ના દર્શન કરી લેજો. બ્રહ્મસંબંધ એવો બાંધી લેજો કે ઝાડ-પાન, પશુ-પક્ષી - બધે ભગવાન દેખાય ! કાચો સંબંધ બાંધશો તો દહાડો નહીં વળે, માટે પાકો સંબંધ બાંધી લેજો.

## જ્ઞાનના દર્શન માટે જરૂરી જ્ઞાનીના દર્શન

**પ્રશ્નકર્તા :** આપના દર્શન કરવા આવે છે તે જ્ઞાનીના દર્શન કરે છે કે જ્ઞાનીના જ્ઞાનના કરે છે ?

**દાદાશ્રી :** એ જ્ઞાની ને જ્ઞાનને બેઉને કરે છે. બેઉ ના કરે તો અધૂરું રહે. જ્ઞાનીના દર્શન કરે તેની જરૂર, અને જ્ઞાનના દર્શન ક્યારે થાય ? જ્ઞાનીના દર્શન પહેલા કરે, ત્યાર પછી જ્ઞાનના દર્શન થાય. એ વિવેક છે, વિનય છે, એટલો વિનય જોઈએ જોડે. ભાન સહિત જુઓ તો તમારો ઉકેલ આવશે, નહીં તો કલેક્ટર જુઓ તો કલેક્ટર જેવા થશો. જ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે 'જ્ઞાની'ને ઓળખ, બીજો કોઈ રસ્તો નથી.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીને ઓળખવા એ જ મોટી વાત છે, એમ કહેવું છે ને આપનું ?

**દાદાશ્રી :** હા, એ જ મોટી વાત છે, બહુ મોટી વાત ! ઓળખીને બેડા પાર થઈ જાય ! પણ હવે ઓળખાણ ના પડે તો તમારા જેવા કહે ને આને કે 'ભઈ, ઓળખાણ કરી લે ને દર્શન કરજે બરોબર', એટલે એનું ગાડું ચાલે.

આ તમારો કંઈક નિશ્ચય હશે તેથી આ જ્ઞાની પુરુષ મળ્યા, નહીં તો જ્ઞાની પુરુષના દર્શન દુર્લભ, દુર્લભ, સો વખત દુર્લભ કૃપાળુદેવે કહ્યા છે. 'જે સારા કાળમાં પણ દુર્લભ તે આ કાળમાં સુલભ કેમ કરીને થાય' કહે છે. આ તો કંઈક સાચી આરાધના કરી તેથી, નહીં તો જ્ઞાની પુરુષ ભેગા થતા હશે ? કૃપાળુદેવે શું કહ્યું છે કે જ્ઞાની પુરુષ તો દેહધારી પરમાત્મા જ છે.

અત્યારે ફરી મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. તે આ જમાનામાં તમે મને ભેગા થયા એ જ મોટી અજાયબી છે ! કોટિ જન્મોની, કેટલી મોટી ગજબની પુણ્યૈ હોય ત્યારે ભેગા થાય મને. નહીં તો આ દાદાના દર્શન ના થાય, જેની મહીં આખા બ્રહ્માંડનો ભગવાન ફુલ્લી (સંપૂર્ણ) પ્રગટ થઈ ગયો છે ! જે માગે એ આપવા તૈયાર છે. તે ભેગા જ ના થાય તમને. આ તો તમને કયા કારણથી ભેગા થયા ? એય તમારી જબરજસ્ત મોટી પુણ્યૈથી.

કો'ક જ વખત આવો ચૌદ લોકનો નાથ પ્રગટ થાય છે. હું જાતે જોઈને કહું છું.

## હજારો વર્ષો સુધી સૂક્ષ્મ દાદા રહેશે

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાન તો ચૌદ લોકના નાથ છે, એના સિવાય અમારે બીજું શું જોઈએ ?

**દાદાશ્રી :** ચૌદ લોકનો નાથ છે પણ એ આપણા હાથમાં પકડાય શી રીતે ? આ દેહમંદિર છે ત્યાં સુધી પકડાય. પછી આ મંદિર જ ઊડી ગયું તો ? હા, આ આંખે દેખાતાને જ દાદા માને છે. બાકી, મૂળ દાદા ભગવાન જુદા. આ દેખાય એ દાદા જુદા અને પાછો વચ્ચેનો ભાગ, સૂક્ષ્મ દાદા.

**પ્રશ્નકર્તા :** તો જે આપે ભાવના કહી, એ ભાવના કઈ હોવી ઘટે, સૂક્ષ્મ દાદાની ?

**દાદાશ્રી :** જ્યાં સુધી નિદિધ્યાસન રહે, ત્યાં સુધી કોઈ જાતનો વાંધો નહીં આવે. આ સ્થૂળ હાજરી ખોળે તો વાંધો આવશે.

**પ્રશ્નકર્તા :** અને આ જ મૂર્તિનું નિદિધ્યાસન હશે, તો વાંધો નહીં આવે ?

**દાદાશ્રી :** ફર્સ્ટક્લાસ રહેશે, હાઈક્લાસ રહેશે. હાલતું-ચાલતું, બોલતું બધું રહેશે. એ જોડે દેખાય એટલું જ નહીં, પોતાની જોડે જ લાગે એવું. વાતો હઉ કરતા દેખાય. તે કાયમ ટકે. અમે ના હોય તોય સૂક્ષ્મ દાદા હજારો વર્ષો સુધી ચાલશે.

## દર્શને મળે અસલ ચૈતન્ય શક્તિ

**પ્રશ્નકર્તા :** દાદા, આ નિદિધ્યાસન થાય છે આપનું, આપના દર્શન થાય છે એ શું છે ? અસલ ચૈતન્ય તે શું છે ?

**દાદાશ્રી :** અમારી શક્તિ ડિરેક્ટ (સીધી) પ્રાપ્ત થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તે અસલ ચૈતન્ય છે ?

**દાદાશ્રી :** એ નિદિધ્યાસન કરો ને, એટલે અસલ ચૈતન્ય શક્તિ મહીં ઉત્પન્ન થઈ જાય. મહીં આ નિદિધ્યાસનમાં ચૈતન્ય સાથે આવ્યું. એટલે તમને અંદર શક્તિ જબરજસ્ત વધી જાય. દાદા ભગવાનને યાદ કરો એટલે એમના પરમાણુ તમારામાં ખેંચાય, યાદ કરતાની સાથે.

**પ્રશ્નકર્તા :** અને સીમંધર સ્વામી ?

**દાદાશ્રી :** હા, એમને યાદ કરતાની સાથે એમના પ્રત્યક્ષ પરમાણુ પેસે.

## સ્થૂળ વટાવો, સૂક્ષ્મમાં પ્રવેશો

**પ્રશ્નકર્તા :** દાદા, એવું કેમ આ તમારી હાજરીમાં એક પણ વૃત્તિ બિલકુલ ઉછાળા મારતી નથી ને જેવા તમે જશો એટલે પાછળ આ ભાઈ જાણે કે ઠેરના ઠેર, બધું શરૂ થઈ જાય પછી, રોજિંદો ક્રમ !

**દાદાશ્રી :** અમારી સૂક્ષ્મ હાજરી રાખી શકો, તો એવું ના થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, સૂક્ષ્મ હાજરી એટલે કેવી રીતે રાખવાની ?

**દાદાશ્રી :** આંખ મીંચીએ ને દાદા દેખાય. જ્યાં જુએ ત્યાં દાદા દેખાય. દાદા દેખાય એટલે તમારે જોખમદારી નહીં.

સ્થૂળનો ફાયદો થાય, પણ પછી સૂક્ષ્મમાં જવું જોઈએ. 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું' એમ બોલ્યા પછી 'દાદા' દેખાવા જોઈએ, વગર ફોટે 'દાદા' દેખાવા જોઈએ.

જ્યાં સુધી દાદા જાતે હોય ત્યાં સુધી તે સ્થૂળ છે. સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવું જોઈએ. સ્થૂળ તો મળ્યું, પણ હવે સૂક્ષ્મમાં જવું જોઈએ અને દાદા હાજર ના હોય ત્યારે તો સૂક્ષ્મનો જ પ્રયોગ શરૂ કરી દેવો જોઈએ અને આ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં જવાનો પ્રયોગ કરવો જોઈએ.

## કાયમના દાદા ખોળી કાઢવા

**પ્રશ્નકર્તા :** આ સ્થૂળ દાદા જશે પછી આપણે શું કરીશું, એનો દાદા જવાબ આપે છે ?

**દાદાશ્રી :** હં, આપણે તો કાયમના દાદા ખોળી કાઢવાના. આ દાદા તો છોંત્તેર વર્ષના, તે દેહ છૂટે ને ગબડી પડે, એનું શું કહેવાય ? એના કરતાં આપણે કાયમના દાદા ખોળી કાઢ્યા હોય તો ભાંજગડ ખરી પછી ? પછી રહ્યા તો સો વર્ષ છો ને જીવે, આપણને વાંધો નથી. પણ આપણે આપણું ખોળી કાઢીને બેસવું.

પાંચ આજ્ઞા પાળતો હોય તો એ અમારી પ્રત્યક્ષ હાજરી છે ! પ્રત્યક્ષપણું સૂચવે છે એ. આપણને પાંચ આજ્ઞા આપીને ગયેલા છે, પછી આપણને શું ? એ પોતે જ છે ને !

અમારી આજ્ઞા એ 'અમે' જ છીએ, 'પોતે' જ છીએ. અમારી પાંચ આજ્ઞામાં રહેવાનો પ્રયત્ન કરો. 'અમારા' પાંચ 'ફંડામેન્ટલ' વાક્યો છે. એનાથી આખા વર્લ્ડને કામ કાઢી લેવું હોય તો તેમ થઈ શકે તેમ છે. 'જ્ઞાની પુરુષ'ની આજ્ઞાપૂર્વક ઠેઠનું કરવું હોય તે કરી લેવાય, એવો વખત ફરી ફરી ના મળે !

## ફરી નહીં મળે, આવા પ્યૉર ભગવાન

આ 'દાદા ભગવાન' ફરી નહીં મળે, આવા પ્યૉર ભગવાન ! કારણ કે બીજા ભગવાન તો એવું કહે, હું પોતે જ ભગવાન છું અને હું જ આનો કર્તા-હર્તા છું પણ હું તો એવું કહેતો જ નથી ને !

**પ્રશ્નકર્તા :** ના, ના.

**દાદાશ્રી :** જે છે એને કહું છું ને કે આ હંડ્રેડ પરસેન્ટ ભગવાન છે. બીજા કોઈ ભગવાનનું ખોટું નથી. તદ્દન સાચી વાત છે. પણ એ પોતાને ભગવાન કહે છે એટલે આપણને એટલો પૂર્ણ લાભ મળે નહીં. અને આ તો શું આશ્ચર્ય થાય, એ કહેવાય નહીં !

દાદા ભગવાન તેથી જ બધાને દેખાય છે ને ! નહીં તો દાદા ભગવાન દેખાય જ નહીં ને ! ચોવીસેય કલાક દાદા ભગવાન ખ્યાલમાં રહે છે, શાથી ? કોઈ રહેલા નહીં અત્યાર સુધીમાં. બધાનું સ્મરણ કરવું પડે, આ એની મેળે આવે. આ તો વિસ્મરણ જ ના થાય અને પેલું સ્મરણ તો યાદ કરવાનું.

**પ્રશ્નકર્તા :** આ તો એની મેળે જ ચાલુ થઈ જાય.

**દાદાશ્રી :** એની મેળે જ ચાલે. લોક કહે છે ને, કે 'આ શી અજાયબી છે ? અમે ના કહીએ તોય એ ખ્યાલમાં જ રહે છે.'

માટે કામ નીકળી ગયું હવે. 'દાદા, દાદા' કર્યા કરો, 'શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' કર્યા કરો. દાદા એ જ શુદ્ધાત્મા છે.

## ઓળખ્યા બાએ 'મારો ભગવાન તું છું'

આ તો બધા દેહને નમસ્કાર કરે છે, તેમને દેહ સારો મળશે. કોઈ અંદર બેઠેલા ભગવાનના તો દર્શન કરતું જ નથી. દેહને નમસ્કાર નથી કરવાના, અંદર બેઠેલા ભગવાનને નમસ્કાર કરવાના છે. તે જ સાચા નમસ્કાર છે. દેહને નમસ્કાર કરવાથી સંસાર મળે ને ચૈતન્યને નમસ્કાર કરવાથી મોક્ષ મળે.

લોકો કંઈ દેહને નમસ્કાર કરે છે ? ના, એ તો પૂજ્ય ગુણોને લઈને નમસ્કાર કરે છે. અમે અમારા બાને કહેલું, 'હવે તમારે બહાર દર્શન કરવાની જરૂર છે નહીં. હવે ઘરમાં જ દર્શન કરજો.' તે અમારા બા રોજ અમને નમસ્કાર કરતા.

બા તો કમ્પ્લીટ માનતા'તા, કે 'તું ભગવાન, મારો ભગવાન તું છું.' મેં કહ્યું'તુંય ખરું કે 'તમારે ત્યાં ભગવાન આવ્યા છે.' ત્યારે એ કહે, 'હા, મારે ત્યાં આવ્યા છે.' બા માનતા'તા, પણ બીજા બધાને શી રીતે સમજણ પડે, બિચારાને ? સમજણ પડવી જોઈએ કે ના પડવી જોઈએ ? સમજણ પડ્યા વગર શું કરે તે ? હીરો હોય તોય લઈ જાય પેલો, બે બિસ્કિટ આપીને. લઈ લે ને કે ના લઈ લે ?

**પ્રશ્નકર્તા :** લઈ લે.

**દાદાશ્રી :** આ દુનિયાની અજાયબી કહેવાય, આ દાદા ભગવાન !

આ 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું'

બોલું છું, તે 'દાદા ભગવાન'ને તમે ઓળખો છો ? આ તો 'એ. એમ. પટેલ' છે અને પબ્લિક ટ્રસ્ટ છે અને દેરાસર છે. સુંદરમાં સુંદર આ દેરાસરમાં ચૌદ લોકનો નાથ બેઠો છે ! આખા વર્લ્ડનું કલ્યાણ કરવા માટે આજ હાજર થયા છે આ મંદિરમાં, તે અમે પણ દર્શન કરીએ છીએ. 'દાદા ભગવાન'ને નમસ્કાર કરીએ છીએ અને આ બધા ધર્મની ઉન્નતિ માટે આ 'દાદા ભગવાન' પ્રગટ થયા છે.

### દાદાને નમસ્કાર કેટલી વખત ?

**પ્રશ્નકર્તા :** અમારે દાદા ભગવાનને નમસ્કાર કેટલી વાર કરવા, જેથી કરીને અમારો તાર તમારી જોડે રોજ જોડાય ?

**દાદાશ્રી :** એ તો પછી ગણવામાં ઘણો વખત જશે. સો વખત કહીએ તો પાછો ગણ ગણ કરશે.

**પ્રશ્નકર્તા :** તો દાદાજી, આ સીમંધર સ્વામીનું તો ગણવું જ પડે છે ચાલીસ વાર.

**દાદાશ્રી :** એમના માટે ગણજો. દાદા તો નિરંતર રહેવા જ જોઈએ.

**પ્રશ્નકર્તા :** નિરંતર રહેવા જોઈએ, બરોબર છે. એ રહે જ છે.

**દાદાશ્રી :** સીમંધર સ્વામી માટે રાખવું હોય તો ચાલીસ વખત, એક-બે-ત્રણ-ચાર... બોલવું.

**પ્રશ્નકર્તા :** આપણે નમસ્કારવિધિ બોલીએ, પંચ પરમેષ્ઠિ ભગવાનને, ૐ પરમેષ્ઠિ, તીર્થંકર સાહેબોને, શાસન દેવ-દેવીઓને નમસ્કાર કરીએ, ત્યારે અંદર દૃષ્ટિ સામે શું હોવું જોઈએ ?

**દાદાશ્રી :** નજર સામે દાદાની મૂર્તિ હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** ફોટો ?

**દાદાશ્રી :** ચિત્રપટ, ફોટો.

**પ્રશ્નકર્તા :** અમે બધા દાદા પ્રત્યેનો રાગ જેટલો ભેગો કરીએ છીએ, તે પછી બીજા ભવમાં એ રાગ પાછો ખાલી થશે ને ?

**દાદાશ્રી :** મારા પર રાગ છે ને, એ સીમંધર સ્વામી ઉપર જ પહોંચે છે.

**મહાત્માઓ :** જય સચ્ચિદાનંદ ! (આત્મોલ્લાસથી)

**પ્રશ્નકર્તા :** પણ દાદાય સીમંધર સ્વામી જેવા થશે ને ?

**દાદાશ્રી :** એવું થઈને મારે શું કામ છે ? એ છે જ ને પછી, આપણે થઈને શું કામ છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમે થઈ ગયેલા કહેવાઓ ?

**દાદાશ્રી :** આપણે તો આ લોકોનું કલ્યાણ થાય, એ આપણી ભાવના.

### તારી જ ભાવના, તને મળે સો ગણી

**પ્રશ્નકર્તા :** જ્ઞાની અસંગ હોય તો એમને કોઈ પણ જાતની વ્યવહારની લેવાદેવા નહીં હોય, તો હવે નમસ્કાર કરીએ તો એ કેવી રીતે સ્વીકારે ?

**દાદાશ્રી :** સ્વીકારે નહીં, એ તો વીતરાગ. રિટર્ન વિથ થેંક્સ. જો એક ગાળ બોલું તો સો ગાળો થઈને પાછી. એક નમસ્કાર કરું તો સો નમસ્કાર થઈને પાછા. તારી જે ભાવના-ઈચ્છા છે, સો ગણી થઈને પાછી મળે. એક કાંકરી મારું તો સો કાંકરી પાછી, રિટર્ન વિથ થેંક્સ.

**પ્રશ્નકર્તા :** હંડ્રેડ ટાઈમ્સ (સો વખત) ?

**દાદાશ્રી :** હંડ્રેડ ટાઈમ્સ. એટલે તને ઠીક લાગે તો કાંકરી માર, ઠીક લાગે તો ફૂલ ચઢાવ અને ઠીક લાગે તો કંઈ ઈચ્છાપૂર્વક નમસ્કાર કર. એટલે તું જેવું માગું એવું, મોક્ષ માગું તો મોક્ષ મળે.

## શક્તિ કાજે બોલજો નમસ્કાર

દાદા ભગવાનનું નામ દેશો ને, તો ગમે તે (પરિસ્થિતિમાં) મન સ્થિર ના થતું હોય, તેય થયા કરે. ગમે તેવી ખરાબ પોઝિશનમાંય 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું' બોલજો. કારણ કે ચૌદ લોકનો નાથ મેં જાતે જોયો છે. એનામાં શું શક્તિ નહીં હોય, અનંત શક્તિનો જે ધણી છે ! તો હવે બોલશો એવું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ જે તમે અનંત શક્તિ છે એમ બોલો છો, તે શક્તિ કેટલી ? કોના જેવું રૂપક છે ? નાના છોકરાને આપણે પૂછીએ કે દરિયો જોવા ગયો હતો ? કેવડો મોટો હતો ? તો તે તેના હાથ પહોળા કરે તેટલો જ દેખાડે, તેવું આપણા મહાત્માઓનું છે. પણ આત્મામાં ગજબની શક્તિ છે ! અનંત શક્તિ છે ! આખું બ્રહ્માંડ ડોલાવે તેટલી શક્તિ છે ! પણ તેને તેના ઘરના ધણીને જોતા ન આવડે, તેને કોઈ શું કરે ?

પોતે તો અનંતાનંત શક્તિઓનો ભંડાર છે, માત્ર ભાન થવું જોઈએ. ભાન થયા પછી શક્તિઓ પ્રગટ કરી લેવી જોઈએ.

## તમે સ્વયં જ છો 'દાદા ભગવાન'

હવે અહીં આગળ આ જે માર્ગ છે ને, આ અક્રમ વિજ્ઞાન, એ શું કહેવા માંગે છે કે પોતપોતાનું સંભાળો. અને દાદા ભગવાનને હું નમસ્કાર કરું છું એ જેટલો વખત બોલો છો, એ તમારા મહીંવાળા દાદાનું જ બોલો છો. આ બધા જગતમાં જે બોલાય ને, તેમાં શું થાય કે મારે તમારું નામ બોલવું પડે. અરે મૂઆ, મારે શા હારુ તમારું નામ દેવું પડે ? આ તો દાદાનું ને એનું એક જ. અહીં આરતી ઉતારો છો, તે તમારા મહીંવાળા દાદાની જ આરતી ઉતારો છો. આ તમને જ સ્પર્શે છે આ વાત. તે આમ દેખાવમાં લોકોને એમ લાગે કે આ દાદાની ભક્તિ છે. ના, એવું નહીં, દરેક જીવને સ્પર્શે છે. આ વ્યક્ત માર્ગ છે. પોતે પોતાનું વ્યક્ત થઈ રહ્યું છે, નિરંતર વ્યક્ત થઈ રહ્યું છે.

જેને ખબર નથી કે આપણે અહીં પોતે પોતાની કીર્તનભક્તિ કરીએ છીએ, એને તો પછી ખોટ જ જાય ને ! આ જાણ્યા પછી ખોટ ના જવા દો ! અહીં જે ભક્તિ કરે છે, એ મારા માટે, 'એ. એમ. પટેલ' માટે નથી, 'દાદા ભગવાન'ની છે ! અને 'દાદા' તો બધામાં બેઠા છે, મારા એકલામાં બેઠા નથી, એ તમારામાંય બેઠા છે, આ તેમની જ ભક્તિ છે ! આરતી બધું તેમનું જ છે અને તેથી જ અહીં બધાને આનંદ આવે છે.

**પ્રશ્નકર્તા :** તે ઘડીએ બધા આનંદમાં આવી જાય છે, એનું કારણ શું ?

**દાદાશ્રી :** કારણ કે આ 'દાદા' જો દેહધારી રૂપે હોત ને, તો તો મનમાં એમ થાત કે પોતાની જાતનું જ ગા ગા કર્યા કરે છે ! ખરેખર આ એવું નથી ! કૃષ્ણ ભગવાને ગીતામાં આવી રીતે ગાયું છે ! પણ લોકોને સમજાય નહીં ને ! 'તું' જ કૃષ્ણ ભગવાન છે, પણ જ્યાં સુધી સ્વરૂપનું ભાન ના થયું હોય, ત્યાં સુધી શી રીતે સમજ પડે ?

સાંભળનારોય પોતાનો સત્સંગ કરે છે ને બોલનારોય પોતાનો સત્સંગ કરે છે. આ વિજ્ઞાન એવી જાતનું છે કે કોઈ માણસને પારકાં માટે કરવાની જરૂર નથી. એની મેળે પોતે પોતાનું જ કરી રહ્યા છે !

દાદાનું આમાં કશું નથી. પોતપોતાનું દરેકનું છે, પ્રગટ થવાનું. અહીં બધીય જે જે કંઈ ક્રિયા હોય, તે 'પોતે' પોતાની જ ક્રિયા કરી રહ્યા છે.

'દાદા ભગવાન' તેય એમનામાં રહ્યા છે એ ભગવાન, તેને જ પ્રગટ કરી રહ્યા છે !

## પ્રગટ પુરુષના આધારે પ્રત્યક્ષ અનુભવ

**પ્રશ્નકર્તા :** દાદા, આપ કહો છો, ભગવાન અંદર પ્રગટ થઈ ગયા છે, તો એ 'પ્રગટ થવું' એટલે શું ?

**દાદાશ્રી :** પ્રત્યક્ષ અનુભવ. પરોક્ષ અનુભવ થાય વખતે, પણ આ તો પ્રત્યક્ષ અનુભવ.

**પ્રશ્નકર્તા :** પ્રત્યક્ષ ?

**દાદાશ્રી :** હં, આત્માનો પ્રત્યક્ષ અનુભવ, અપરોક્ષ અનુભૂતિ.

**પ્રશ્નકર્તા :** આત્માના અપરોક્ષ દર્શન કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** આત્માના અપરોક્ષ દર્શન તમે કર્યા છે પણ તેનો ખ્યાલ રહેતો નથી ને ! અહીંયા સત્સંગમાં આવો તો એ વાત સમજાય તમને.

**પ્રશ્નકર્તા :** પણ પોતાના આત્મસ્વરૂપના બીજા અનુભવ જે થવા જોઈએ તે નથી થતા. બુદ્ધિને સમજમાં આવે છે પણ અનુભવ નથી થતો.

**દાદાશ્રી :** એ જ અનુભવ, આ બધું જાણ્યા-જોયા કરવું એનું નામ અનુભવ કહેવાય. બીજો અનુભવ ના કહેવાય. મનમાં વિચાર ખરાબ આવે, સારા વિચાર આવે તે જ્ઞેય છે અને આપણે જ્ઞાતા છીએ. એ બધા જોયા કરવા, એનું નામ અનુભવ કહેવાય. પછી જેમ જેમ ધીમે ધીમે અનુભવ આ બધો આગળ જતો જાય, તેમ તેમ ખુલ્લો અનુભવ થતો જાય. પ્રગટ અનુભવ, અત્યારે આ પરોક્ષ અનુભવ થાય. (પહેલા) પરોક્ષ અનુભવ થાય, પછી અપરોક્ષ થાય, એમ કરતા કરતા આગળ વધતું જાય.

**પ્રશ્નકર્તા :** આમાં તો પ્રગટ પુરુષનો આધાર જોઈએ. એની પ્રગટતા, એનું જ જ્ઞાન, આપણું નહીં, એની જ અનુભૂતિ તો કામ થાય.

**દાદાશ્રી :** ત્યારે અમે કેવા છીએ એવી પછી ખબર ના પડી ? આવું હોવા છતાં, આટલી બધી ધમાલ હોવા છતાંય શુદ્ધતા જતી નથી. તમને એવી જ દશા થઈ છે પણ આ જ્ઞાન રસ્તે જતા મળ્યું છે. એટલે બહાર ધૂળ ઊડી કે ધ્યાન ત્યાં ગયું, પણ એ જોવાનું નહીં. ધૂળ ઊડે, કાંકરા ઊડે, બધું ઊડે. પણ એ જ્ઞેય છે અને આપણે જ્ઞાતા છીએ. આપણે જ્ઞાતાપદમાં બેસીને જ્ઞેય જાણવાનું છે. જગત આખું ઊડે, મા-બાપ-દીકરા મરવા પડ્યા હોય ને ત્યાં જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ રાખીને રહે ત્યારે આ વિજ્ઞાન ઉત્પન્ન થાય.

પોતે જ્ઞાન સત્તામાત્ર છે. જ્ઞાતાસત્તામાં રહ્યા તો મુશ્કેલી ઊડી ગઈ. જેટલો પૂર્વનો અભ્યાસ અવળો હોય ને, એટલું અડે. તમારે આત્મજ્ઞાન થયું એ ઓછું કહેવાય ? વર્લ્ડમાં પૂજ્ય થયા એવું પદ પ્રાપ્ત થયું છે. બાકી તમારે આત્મા ખખડે જ છે. આત્મા લક્ષમાં બેઠો એ ખખડે જ છે. ખખડે એટલે ડબામાં ગોળો ઘાલીને ખખડાવીએ તો અવાજ આવે, એવું નહીં. એ અવાજવાળી વસ્તુ નથી.

એનું લક્ષ કોઈને એક ક્ષણ બેઠેલું ના હોય ને તમારે આ કાયમનું લક્ષ બેઠું. હવે લક્ષ કોઈ દહાડો ના ચૂકે એ જ વિજ્ઞાન છે.

## પ્રગટ દીવાથી પ્રગટાવો દીવો

તમારી મહીં 'દાદા ભગવાન' બેઠા છે, એ જ ચેતન પ્રભુ છે, એ જ પરમાત્મા છે. એ જ અમારી મહીં પ્રગટ થયા છે ને તમારા પ્રગટ થવાના બાકી છે. આ તો ધર્મ નથી, અહીં તો કામ કાઢી લેવાનું છે. ક્યાં સુધી

ધર્મશાળાઓમાં બેસી રહેવાનું ? પોતાનું કામ કાઢી લેવાનું છે એટલે શું કે 'જ્ઞાની પુરુષ' પાસે પોતાનું સ્વરૂપ જાણી લેવાનું છે. 'જ્ઞાની પુરુષ'નો દીવો પ્રગટેલો છે તે 'એને' તમારો દીવો અડાડી દો, તો તમારો દીવો પણ પ્રગટી જાય. આ તો કો'ક કાળે 'જ્ઞાની પુરુષ' પ્રગટ થાય, દસ લાખ વરસે અક્રમ 'જ્ઞાનાવતાર' થાય ત્યારે કલાકમાં જ પોતાનો આત્મા પ્રગટ થઈ શકે તેમ બને. માટે જ 'અમે' કહીએ છીએ કે તમારું કામ કાઢી લો.

## મહાત્માઓ ભગવાન થશે એક દિન

**પ્રશ્નકર્તા :** આપે જે કહ્યું કે અમને બધાને તમે ભગવાન બનાવવા માગો છો, એ તો જ્યારે બનીએ ત્યારે ખરું. અત્યારે નથી થયા ને ?

**દાદાશ્રી :** પણ એ થશે ને, કારણ કે આ અક્રમ વિજ્ઞાન છે ! જે બનાવનારો છે એ નિમિત્ત છે અને બનવાની જેને ઈચ્છા છે, એ બે જ્યારે ભેગા થયા કરશે, તો એ થશે જ ! બનાવનાર ક્લિયર છે અને આપણું ક્લિયર છે, આપણી દાનત બીજી નથી, એટલે એક દહાડો બધા અંતરાય તૂટી જશે ને ભગવાન થઈને ઊભો રહેશે, જે આપણું મૂળ સ્વરૂપ જ છે !

## પ્રગટની ઓળખાણ પડતા, થવાય તે રૂપ

આ દાદા ભગવાન ન્હોય, મહીં જે પ્રગટ થયા છે, જે આખા બ્રહ્માંડનો નાથ છે તે દાદા ભગવાન છે ! તમારામાંય એ દાદા ભગવાન છે, પણ પ્રગટ થયા નથી. એ પૂર્ણ પ્રકાશમાં આવી જવા જોઈએ. હવે પૂર્ણ પ્રકાશમાં આવવા માંડશે.

હવે આમાં બુદ્ધિ પેઠી કે બગાડે. એટલે બુદ્ધિને કહીએ, તું તારી મેળે સંસારનું કામ કર્યા કરું છું, એ કર્યા કરજે, બા. આમાં હાથ ઘાલીશ નહીં. રિલેટિવ બધું તને સોંપ્યું. રિયલ છે તે જ્ઞાનને સોંપ્યું. આ જ્ઞાન કહેવાય. જ્ઞાન તમને આપ્યું, પછી વિજ્ઞાન સ્વરૂપે થશે ફૂલ પ્રગટ, પરફેક્ટ. અત્યારે તમારામાં જ્ઞાન સ્વરૂપે છે જ ભગવાન, એ વિજ્ઞાન સ્વરૂપ થશે ! તે આ વિજ્ઞાન સ્વરૂપ થયેલા એટલે એ ભગવાન પદ કહેવાય.

અમારું આપેલું જ્ઞાન, એ તો એક્ઝેક્ટ એની જગ્યાએ છે. તમને દૃષ્ટિગમ જેટલું થયું એટલું તમારું. બીજું દૃષ્ટિગમ થયું નથી. મૂળ સ્વરૂપે જે જ્ઞાન આપેલું, એ મૂળ સ્વરૂપની તમને એક્ઝેક્ટનેસ હજુ આવી નથી પૂરેપૂરી. ત્યાં સુધી વધે છે એવું લાગે. નહીં તો આ જ્ઞાન તો તેનું તે જ છે, મૂળ સ્વરૂપે જ છે. પણ મૂળ સ્વરૂપે જ્યારે એક્ઝેક્ટનેસ આવશે ત્યારે પછી વધઘટ નહીં રહે પછી. આ વધઘટ શું છે ? તમને જે દૃષ્ટિ મળે છે તે વધે છે દહાડે દહાડે. મૂળ સ્વરૂપે થવા માંગે છે. જેમ આપ્યું હતું તેમ, તે સ્વરૂપે થવા માંગે છે.

## એની પાછળ જ્ઞાનીની કરુણા

દુનિયામાં બીજા બધા ભેગા થાય પણ હું-જ્ઞાની-અંબાલાલ ભેગા ના થાય. 'હું' કોણ ? 'હું' એ 'દાદા ભગવાન' છે, આ જ્ઞાની છે અને અંબાલાલ એ 'પટેલ' છે. હું-જ્ઞાની-અંબાલાલ ભેગા ના થાય. આ જોગ બેસે નહીં, બીજા બધા જોગ બેસે. ભગવાન પોતે હાજર ના થાય. આ થઈ ગયા તે. આખા બ્રહ્માંડના ભગવાન હું કહું છું, એની ગેરેંટી આપું છું. આ જેટલો સાંધો મેળવી લે એટલો એના બાપનો.

ખરી રીતે આ ત્રણ તો હું પાડું છું. હું, જ્ઞાની અને અંબાલાલ - ત્રણ ભેદ પાડું છું એની પાછળ કરુણા છે. ખરી રીતે બે જ ભેદ છે - દાદા ભગવાન અને અંબાલાલ, બે જ છે. પણ ત્રણ પાડવાના પાછળ કારણ શું કે આ દુષમકાળના જીવ છે ને શંકાવાળા છે. વગર કામની શંકાઓથી

એનું બગડે ઊલટાંનું. એટલે આ જુદા પાડ્યા. શંકા ઊભી ના થાય ને ?

આ એને ઠંડક રહે. હા, હવે એનું ગાંડપણ ઊભું ના થાય એટલા હારુ. ખરી રીતે બે જ છે આ. કૃપાળુદેવે તો કહ્યું છે, જ્ઞાની પુરુષ એ દેહધારી પરમાત્મા જ છે. પણ આ ત્રણ ભાગ પાડ્યા છે. એનું કારણ કરુણા છે એની પાછળ. અહીંથી ભાગી ના જાય, અહીં આવેલો રખડી ના મરે.

## ખુલ્યું રહસ્ય, અક્રમ વિજ્ઞાન થકી

આ તો વાત નીકળી જાય એટલી સાચી, નહીં તો નીકળે નહીં. દૃષ્ટિ વગર નીકળતી નથી કોઈ દહાડો. આ તો તમારે લીધે હું કહું છું.

**પ્રશ્નકર્તા :** પણ અક્રમ વિજ્ઞાને આખું રહસ્ય જ્ઞાન ખુલ્લું કર્યું અંતરનું.

**દાદાશ્રી :** આ તો ખુલ્લું થયેલું જ નહીં. જ્યારે આ તો ઠેઠ સુધી બધું પગલે પગલું ભરેલું.

**પ્રશ્નકર્તા :** આ શાસ્ત્રમાં કે કોઈ આવું અંદરનું બતાડી નથી શક્યું.

**દાદાશ્રી :** હોય જ નહીં ને ! જાણે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** આત્મા છે ને પુદ્ગલ છે બધું, બસ.

**દાદાશ્રી :** ઠેઠ સુધી એ વાત હોય અને કેવળજ્ઞાન જાણે ત્યારે આ બોલે નહીં. આ તો બોલતો નથી કોઈ દહાડો, આજે જ બોલ્યો. કારણ કે અમે સંપૂર્ણ દશામાં રહીએ, ત્રણસો સાંઈઠ એકલામાં. એ બેમાં ના રહીએ. આમ ત્રણસો છપ્પને દર્શન થાય અને ત્રણસો સાંઈઠમાં છે તે અમે રહીએ. એટલે આ દર્શન કરનારને બહુ ફાયદો છે ! અત્યારે વાત કરતી વખતે એવો ફાયદો ના થાય.

અજવાળાનો દીવો કોઈ ફેરો થતો નથી. આ તો સુરતના સ્ટેશને સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થઈ ગયા ને આ કુદરતી રીતે ઉત્પન્ન થયું છે. ધીસ ઈઝ બટ નેચરલ. તો પછી એનાથી જેટલા દીવા કરવા હોય તેટલા થાય. પણ દીવો જ ના હોય તો કેવી રીતે થાય ? બાકી, ઘી તો બધાય લોકોએ પૂરી રાખ્યા છે ! પણ પ્રગટની ઓળખાણ પડવી જોઈએ ને !

## 'ઓળખાણ' પડતા કામ કાઢી લો

**પ્રશ્નકર્તા :** આવી ઝીણી વાત નીકળે ને, ત્યારે આપની ઓળખાણ બહુ ઊંચી પડે છે તે વખતે, આપની દશાની બહુ અદ્ભુતતા લાગે, 'અક્રમ વિજ્ઞાન'ની અજાયબી લાગે.

**દાદાશ્રી :** બધાને આ ઓળખાણ સમજાય નહીં. ઓળખાણ સમજવી એ સહેલી વાત છે ? ઓળખાણ સમજણ પડી ને, તેને તે રૂપ થઈ જાય. ઓળખાણ પડવી સહેલી વાત નથી ને !

અમે શું કહેવા માગીએ છીએ ? ચૌદ લોકનો નાથ આવી રીતે સામો મળે એવો નહોતો. તે આ દાદાના શ્રુ આપણને ભેગો થયો છે. શું થયું છે ?

**પ્રશ્નકર્તા :** દાદા શ્રુ ભેગા થયા.

**દાદાશ્રી :** હા. એટલે દાદા કહે છે કે ભાઈ, કામ કાઢી લો. શા માટે ? આવો આ નાથ ભેગો નહીં થાય. જ્યાં નાથ પ્રગટ થાય ત્યારે એ વીતરાગ થયેલા હોય. અને અહીં નાથ પ્રગટ થયા ને આ ખટપટિયા વીતરાગ રહ્યા એટલે પકડાઈ ગયા છે. એટલે હું કહું છું કે કામ કાઢી લો. બધું પૂર્ણાહુતિ કરી આપશે. અનંત અવતારની ખોટોય બધી ભાંગી નાખશે ઝપાટાબંધ.

**- જય સચ્ચિદાનંદ**

## ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૧૩ જુલાઈના રોજ વિવિધ સત્સંગ સેન્ટરો ખાતે થનાર ઉજવણી

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું | સંપર્ક |
|---|---|---|---|
| અડાલજ ત્રિમંદિર (અમદાવાદ અને અડાલજ આસપાસનો વિસ્તાર) | સવારે ૮ થી ૧૨-૩૦ | અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ. | ૯૩૨૮૬૬૧૧૬૬ |
| અમરેલી ત્રિમંદિર | સવારે ૯ થી ૬ | બાયપાસ ચોકડી, લીલીયા રોડ, અમરેલી. | ૯૯૨૪૩૪૪૪૬૦ |
| અંજાર ત્રિમંદિર | સવારે ૧૦:૩૦ થી ૭ | ગામ-સિનુગ્રા પાટિયા, તાલુકો-અંજાર. | ૯૯૨૪૩૪૬૬૨૨ |
| ભાદરણ ત્રિમંદિર | સવારે ૯ થી ૧૨:૩૦ | સ્ટેશન રોડ, તા. બોરસદ, જિ. આણંદ. | ૯૯૨૪૩૪૩૭૨૯ |
| ભુજ ત્રિમંદિર | સવારે ૮ થી ૧ | હિલ ગાર્ડન પાછળ, એરપોર્ટ રોડ, ભુજ. | ૯૯૯૮૦૨૮૦૩૬ |
| બોડેલી/ચલામલી/વાસણા | સવારે ૮ થી ૧૨ | ત્રિમંદિર, ચલામલી. | ૯૫૭૪૦૦૮૩૫૫ |
| ગોધરા ત્રિમંદિર | સવારે ૧૦ થી ૪ | FIC ગોડાઉન સામે, અમદાવાદ હાઈવે, ગોધરા. | ૯૮૨૫૪૩૧૫૦૩ |
| જામનગર ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | ચેમ્બર ઓફ કોમર્સ પાસે, માણેક નગર, જામનગર. | ૯૯૨૪૩૪૩૬૮૭ |
| જૂનાગઢ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | ખામધ્રોળ ચોકડી, બાય પાસ રોડ, જૂનાગઢ. | ૭૫૭૫૮૦૬૬૧૦ |
| મોરબી ત્રિમંદિર | સાંજે ૪ થી ૮ | નવલખી રોડ, જેપુર ગામ, મોરબી. | ૯૪૨૬૧૬૫૫૨૨ |
| મુંબઈ ત્રિમંદિર | સાંજે ૪ થી ૮:૩૦ | ઋષિવન, અભિનવનગર રોડ, કાજુપાડા, બોરીવલી-(ઈ). | ૯૩૨૩૫૨૮૯૦૧ |
| રાજકોટ ત્રિમંદિર | સવારે ૮ થી ૫ | માલિયાસણ ચોકડી, રાજકોટ-અમદાવાદ હાઈવે, રાજકોટ. | ૯૮૨૫૬૨૦૭૭૨ |
| સુરેન્દ્રનગર ત્રિમંદિર | સવારે ૯:૩૦ થી ૬ | રાજકોટ-મુળી હાઈવે, મુળી રોડ, સુરેન્દ્રનગર. | ૯૧૦૬૯૩૬૪૮૨ |
| વડોદરા ત્રિમંદિર | સવારે ૯ થી ૪:૩૦ | વડોદરા ત્રિમંદિર, ગામ - વરણામા. | ૯૪૨૮૮૨૮૨૨૬ |
| | | **ઉત્તર ઝોન** | |
| કલ્યાણપુર | સવારે ૯ થી ૧૨:૩૦ | મહાકાળી મંદિર સામે, કલ્યાણપુર, ભિલોડા. | ૯૪૨૭૩૩૬૫૫૦ |
| હિંમતનગર | સવારે ૯ થી ૧૨:૩૦ | મહાકાળી મંદિર, મહાવીરનગર, હિંમતનગર. | ૯૯૯૮૬૮૭૭૭૬ |
| ઈડર | બપોરે ૩:૩૦ થી ૭ | ૨, ધનેશ્વર સોસાયટી વિભાગ-૨, શિલાલેખ સોસાયટીની બાજુમાં, ખારી ડુંગરી, ઈડર. | ૯૯૭૯૭૨૮૯૫૦ |
| કડી | સવારે ૯ થી ૧૨:૩૦ | આદ્ય પુરુષ મંદિર હોલ, ધરતી સીટી રોડ, કડી. | ૯૭૭૩૧૪૫૦૩૧ |
| મહેસાણા | સવારે ૯ થી ૪ | GIDC કોમ્યુનિટી હોલ, FCI ગોડાઉન પાછળ, મોઢેરા રોડ, મહેસાણા. | ૯૯૨૪૧૩૪૮૮૮ |
| મોડાસા | સવારે ૮ થી ૧૧:૩૦ | શ્રી વી.એચ.ગાંધી બહેરા-મુંગા શાળા, એસ.ટી. સ્ટેન્ડ પાછળ, મોડાસા. | ૬૩૫૩૧૫૨૨૯૪ |
| પાલનપુર | સવારે ૮:૩૦ થી ૧ | લક્ષ્મણ ટેકરી, દિલ્હી દરવાજા, પાલનપુર. | ૯૪૨૮૧૯૪૯૯૯ |

| | | | |
|---|---|---|---|
| પાટણ | સવારે ૯ થી ૪ | કડવા પાટીદારની વાડી, સુભાષ ચોક, પાટણ. | ૯૪૨૯૨૨૪૮૩૩ |
| વડોથ | સવારે ૮ થી ૧૧:૩૦ | સિદ્ધેશ્વર મહાદેવ મંદિર, વડોથ. | ૯૯૦૪૦૯૯૩૧૫ |
| વિજાપુર | સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ | મોર્ડન સીટી, વિજાપુર ભાવસોર રોડ, ભાવસોર. | ૯૮૭૯૨૨૭૨૨૭ |
| વિસનગર | સવારે ૮:૩૦ થી ૧૨ | દાદા ભગવાન સત્સંગ કેન્દ્ર, બીજો માળ, ગોલ્ડ કોઈન માર્કેટ, તાલુકા પંચાયત સામે, સ્ટેશન રોડ, વિસનગર. | ૯૮૨૪૦૬૬૨૭૭ |

## દક્ષિણ ઝોન

| | | | |
|---|---|---|---|
| અંકલેશ્વર | બપોરે ૩ થી ૭ | જલારામ મંદિર હોલ, જૂના દિવા રોડ, ભરૂચી નાકા પાસે, અંકલેશ્વર. | ૯૫૩૭૯૭૭૨૩૧ |
| બારડોલી (**૧૦ જુલાઈ** ) | બપોરે ૩ થી ૬:૩૦ | પાટીદાર જીન હોલ, ICICI બેંકની ગલી, બારડોલી. | ૯૮૨૫૫૯૮૬૬૮ |
| ભરૂચ | સવારે ૯ થી ૪:૩૦ | કુસુમ હરનાથ સત્સંગ હોલ, GEB પાસે, આવિષ્કાર ફ્લેટ સામે, મકતમપુર રોડ, ભરૂચ. | ૯૯૨૪૩૪૮૮૮૨ |
| બીલીમોરા | સવારે ૯ થી ૨:૩૦ | જલારામ સંકુલ, સોમનાથ મંદિરની પાછળ, બીલીમોરા. | ૯૮૯૮૨૬૪૯૨૧ |
| ચીખલી | સવારે ૯ થી ૧ | કોળી પટેલ સમાજવાડી, જૂના વલસાડ રોડ, ચીખલી. | ૯૮૨૫૭૭૫૨૧૨ |
| કોસંબા | સવારે ૮ થી ૧:૪૫ | સરદારસિંહ રાણા કોમ્યુનિટી હોલ, તરસાડી નગર પાલિકા, હાંસોટ રોડ, તરસાડી-કોસંબા, જિ. સુરત. | ૯૮૨૫૬૨૪૩૯૫ |
| નવસારી | સવારે ૯:૩૦ થી ૪ | કડવા પટેલ સમાજની વાડી, શાંતાદેવી રોડ, નવસારી. | ૯૮૯૮૨૬૪૯૨૧ |
| સુરત (શહેર) | સાંજે ૪ થી ૧૦:૩૦ | ઉમરા SMC કોમ્યુનિટી હોલ, પાસપોર્ટ ઓફિસ પાછળ, ઉમરા ગામ, અઠવા, સુરત. | ૯૮૨૫૩૨૯૨૧૭ |
| સુરત (વરાછા) | સવારે ૯ થી ૫ | સરથાણા એસએમસી કોમ્યુનિટી હોલ, સરથાણા ઝૂ સામે, ભગવાનનગર સોસાયટી પાછળ, ગુરુકુલ રોડ, સરથાણા જકાતનાકા, વરાછા, સુરત. | ૯૫૭૪૦૦૮૦૦૭ |
| વલસાડ/ કિલ્લા પારડી | સવારે ૯ થી ૧ | પટેલ સમાજની વાડી, સરકારી વસાહતની સામે, તિથલ રોડ, વલસાડ. | ૯૯૨૪૩૪૩૨૪૫ |
| વાપી (**૧૪ જુલાઈ** ) | સવારે ૯ થી ૨ | ૩૦૨, શગુન સ્ટેપ-ઈન, કોપરલી રોડ, મરાઠી શાળાની સામે, ગુંજન, વાપી. | ૯૯૨૪૩૪૩૪૫૫ |
| વ્યારા (**૧૦ જુલાઈ** ) | સવારે ૯:૩૦ થી ૧:૩૦ | અંબાજી મંદિર, મોહમાયા કૃપાધામ હોલ, ઉનાઈ નાકા, વ્યારા. | ૯૮૭૯૨૬૬૧૫૧ |

## સૌરાષ્ટ્ર ઝોન

| | | | |
|---|---|---|---|
| ભાવનગર | સવારે ૯:૩૦ થી ૬ | શિવશક્તિ હોલ, સર્કલ પાસે, ભાવનગર. | ૯૫૭૪૦૦૮૦૯૦ |

| | | |
|---|---|---|
| બોટાદ | સાંજે ૪ થી ૮ | હનુમંતપુરી સત્સંગ સેન્ટર, તુરખા રોડ, બોટાદ. ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ધોરાજી/સુપેડી | સવારે ૮ થી ૧૨:૩૦ | લેઉવા પટેલ સમાજ, સંસ્કૃતિ ભવન વિભાગ-૧, ધોરાજી. ૯૪૨૬૨૨૧૪૯૨ |
| દ્રોણ/દીવ/ઉના | સવારે ૯:૩૦ થી ૫ | દાદા દર્શન હોલ, દ્રોણ, તા. ગીર ગઢડા, જિ. ગીર સોમનાથ. ૯૪૦૮૫૩૦૨૮૫ |
| ગોંડલ | બપોરે ૩ થી ૭ | દાદા દર્શન, નક્ષત્ર એપાર્ટમેન્ટ પાસે, ગણેશનગર, ગુંદાળા રોડ, ગોંડલ. ૯૪૨૭૯૬૩૭૬૭ |
| ઉપલેટા/જામજોધપુર | સવારે ૯ થી ૫ | દાદા દર્શન હોલ, એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે, ઉપલેટા. ૯૭૨૨૬૧૦૧૦૬ |
| જેતપુર | સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ | પટેલ સમાજ, વિભાગ નં-૧, ગાયત્રી મંદિર પાસે, જેતપુર. ૯૮૯૮૦૨૪૦૩૬ |
| માંગરોળ | સવારે ૮:૩૦ થી ૪ | મુકેશભાઈ કરિયાણાવાળાના ડેલામાં, માંડવી દરવાજા પાસે, માંગરોળ. ૯૦૩૩૭૬૯૮૯૭ |
| પાલીતાણા | સવારે ૯ થી ૧ | પટેલ બોર્ડીંગ, એસ. ટી. રોડ, પાલીતાણા. ૯૪૨૯૬૩૮૫૪૨ |
| પોરબંદર | સવારે ૯ થી ૧૨:૩૦ | દાદા ભગવાન પરિવાર સત્સંગ કેન્દ્ર, સંન્યાસી આશ્રમ, રામ ટેકરી રોડ, પોરબંદર. ૯૫૭૪૦૦૧૨૪૩ |
| રાજુલા | સાંજે ૪ થી ૭:૩૦ | દાદા દર્શન, પ્રાથમિક શાળા નં. ૪ની સામે, જાફરાબાદ રોડ, રાજુલા. ૯૮૨૪૧૬૪૯૪૧ |
| સાવરકુંડલા | સાંજે ૪ થી ૮ | દાદા દર્શન, કાપેલધાર, સાવરકુંડલા. ૯૪૨૭૫૫૫૪૭૬ |
| ઉમરાળા | સાંજે ૪ થી ૮ | સ્વામી માધવાનંદ આશ્રમ, ઉમરાળા. ૭૫૭૫૮૦૬૬૧૦ |
| વેરાવળ/તાલાલા | સવારે ૯ થી ૫ | ટાઉનહોલ (વેરાવળ નગર પાલિકા), ડાભોર રોડ, વેરાવળ. ૯૪૨૬૪૪૦૨૮૫ |
| ખાંભા | સવારે ૯:૩૦ થી ૧:૩૦ | દાદા ભગવાન સત્સંગ સેન્ટર, આશ્રમ પરા, શ્રી સેવા સન્યાસ આશ્રમ, ખાંભા. ૯૪૨૭૨૭૯૯૯૪ |
| ધ્રાંગધ્રા | સાંજે ૪ થી ૮ | જલારામ મંદિર, કેમિકલ ફાટક પાસે. બિંદી ગેસ એજન્સી સામે, ધ્રાંગધ્રા. ૯૪૨૭૬૬૪૮૫૪ |
| ધ્રોલ | સાંજે ૪ થી ૭:૩૦ | ગજાનંદ સોસાયટી, શેરી નં. ૧, ખારવા રોડ, ધ્રોળ. ૭૦૧૬૮૩૦૭૫૬ |
| જામખંભાળિયા | સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ | આહિર સમાજની વાડી, જડેશ્વર રોડ, જામ ખંભાળિયા. ૯૬૨૪૮૧૫૬૬૫ |
| માંડવી | સાંજે ૫ થી ૮:૩૦ | લાખાસર ચોક, ડો. એસ. બી. મલ્લી સાહેબના દવાખાના (શિવ શાંતિ ક્લિનિક) પાસે, માંડવી (કચ્છ). ૯૦૩૩૧૫૬૮૪૭ |
| થાનગઢ (૧૪ જુલાઈ ) | બપોરે ૩ થી ૭ | પ્રજાપતિ વાડી, રવજી ભગત માર્ગ, થાનગઢ. ૯૮૭૯૦૭૫૦૭૬ |

## સેન્ટ્રલ ઝોન

| | | |
|---|---|---|
| દાહોદ (૧૦ જુલાઈ ) | સવારે ૯ થી ૪ | પ્રસંગ પાર્ટી પ્લોટ, ચિરાયુ હોસ્પિટલ પાસે, ગોવિંદનગર, દાહોદ. ૯૪૨૭૦૧૩૩૧૯ |
| ડાકોર (૧૫ જુલાઈ ) | બપોરે ૩:૩૦ થી ૭:૩૦ | બોતેર નિવાસની વાડીમાં, બોડાણા સર્કલ પાસે, ગાયત્રી મંદિર સામે, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા. ૯૮૯૮૨૯૭૬૦૬ |
| આણંદ | સાંજે ૪ થી ૭:૩૦ | દાદા દર્શન, ૧૧-સાવન પાર્ક, સંકેત-બાકરોલ રોડ, નૂપુર રેસિડેન્સી સામે, આણંદ. ૯૮૯૮૦૨૬૫૮૯ |
| બાવળા/ ધોળકા (૧૭ જુલાઈ ) | સવારે ૮:૩૦ થી ૧૨ | અવસર પાર્ટી પ્લોટ, પંચશીલ સોસાયટી સામે, ધોળકા રોડ, બાવળા. ૭૬૨૩૮૭૭૯૯૫ |
| કપડવંજ (૧૦ જુલાઈ ) | સવારે ૧૦ થી ૪ | લાયન્સ ક્લબ ટાઉનહોલ પાછળ, રત્નાકર માતા રોડ. ૯૪૨૯૬૫૭૩૧૫ |
| કાથલાલ | સાંજે ૫ થી ૯ | ઉમાનગર સોસાયટી, પંચવટી, નવોદય વિદ્યાલય રોડ, કઠલાલ, જિ. ખેડા. ૯૯૨૫૭૪૧૦૮૨ |
| નડિયાદ | સવારે ૯ થી ૧૨:૩૦ | બ્લડ બેંક, સંતરામ રોડ, નડિયાદ. ૯૯૯૮૯૮૧૯૬૫ |
| પાદરા | સાંજે ૭ થી ૧૦:૩૦ | ઝંડા શાળા, ઝંડા બજાર, પાદરા. ૯૮૨૪૦૯૧૮૦૮ |
| સોજીત્રા | સાંજે ૪ થી ૭:૩૦ | ખોજાઈ માતા મંદિર હોલ, GIDC પાસે, સોજીત્રા. ૯૯૦૪૯૩૩૭૫૯ |
| વિરમગામ (૧૦ જુલાઈ ) | સાંજે ૪ થી ૭:૩૦ | આનંદ બાલમંદિર પ્રાથમિક શાળા, લાધાપરા પાસે, ટાવર રોડ, વિરમગામ. ૯૨૬૫૬૩૨૫૭૦ |

## કચ્છ ઝોન

| | | |
|---|---|---|
| ગાંધીધામ | સાંજે ૪:૩૦ થી ૭:૩૦ | દાદા ભગવાન સત્સંગ કેન્દ્ર, ક્રોમા શોરૂમ ઉપર, જૂની કોર્ટ પાસે, ગાંધીધામ. ૯૪૨૭૪૫૨૮૪૮ |

## દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/**08-2028** એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

## દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

## Pujyashree's USA-Canada Gnanvidhi & Gurupurnima Schedule - 2022

USA & Canada: +1-877-505-DADA (3232) Email - info@us.dadabhagwan.org

| Date | Day | From | To | Event | Venue |
|---|---|---|---|---|---|
| 8-Jul | Fri | 8:30 PM | 10:00 PM | **Pujyashree Welcome** | **(Gurupurnima Celebration)**<br>Sheraton Phoenix Downtown<br>340 N. 3rd Street<br>Phoenix, AZ 85004 |
| 9-Jul | Sat | 10:00 AM | 12:30 PM | **Satsang** | |
| 9-Jul | Sat | 4:30 PM | 7:00 PM | **Satsang** | |
| 10-Jul | Sun | 10:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 10-Jul | Sun | 4:30 PM | 7:30 PM | **Gnanvidhi** | |
| 11-Jul | Mon | 10:00 AM | 12:30 PM | **Pran Pratishtha** | |
| 11-Jul | Mon | 4:30 PM | 7:00 PM | **Satsang (Hindi)** | |
| 12-Jul | Tue | 10:00 AM | 12:30 PM | **Satsang (PMHT)** | |
| 12-Jul | Tue | 4:30 PM | 7:00 PM | **Satsang** | |
| 13-Jul | Wed | 8:00 AM | 9:30 AM | **Poojan-Aarti & Message** | |
| 13-Jul | Wed | 10:00 AM | 12:30 PM | **Gurupurnima Darshan** | |
| 13-Jul | Wed | 4:30 AM | 7:00 PM | **Gurupurnima Darshan** | |
| 14-Jul | Thu | 10:30 AM | 12:00 PM | **GP Sevarthi's Q&A & Exp.** | |
| 17-Jul | Sun | 4:30 PM | 7:30 PM | **Gnanvidhi** | Jain Society of Metropolitan Chicago<br>435 Illinois Rte 59, Bartlett, IL 60103,<br>Chicago, IL |
| 23-Jul | Sat | 5:00 PM | 8:00 PM | **Gnanvidhi** | Sringeri Vidya Bharati Foundation - SVBF<br>80 Brydon Dr, Etobicoke, ON M9W 4N6,<br>Toronto, Canada |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો અડાલજ

**૧૩ ઓગષ્ટ** - સત્સંગ તથા **૧૪ ઓગષ્ટ** - **જ્ઞાનવિધિ**

**પર્યુષણ પારાયણ - ૨૪ થી ૩૧ ઓગષ્ટ : આપ્તવાણી ૧૪ ભાગ-૩** ગ્રંથ પર **સત્સંગ પારાયણ**

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;

**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અડાલજ ત્રિમંદિર સંકુલ : સ્નેહ મિલન : તા.૨૬ મે ૨૦૨૨




## હેરો (UK) : સત્સંગ-જ્ઞાનવિધિ : તા.૩૦-૩૧ મે ૨૦૨૨



## પોન્ટિન્સ (UK) : UK શિબિર : તા.૧ થી ૫ જૂન ૨૦૨૨



જુલાઈ ૨૦૨૨
વર્ષ-૨૭, અંક-૧૧
સળંગ અંક-૩૨૩

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## 'દાદા ભગવાન'ની સાચી ઓળખ

આ તમને દેખાય છે તે 'દાદા ભગવાન' છે ? ના, ન હોય એ 'દાદા ભગવાન', એ તો 'એ. એમ. પટેલ' છે, ભાદરણ ગામના છે. 'દાદા ભગવાન' તો અંદર પ્રગટ થયા છે, તે છે ! એમનું સ્વરૂપ શું છે ? જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ-એ એમનું સ્વરૂપ છે ! જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આધારે જે અનુભવમાં આવે છે, તે 'દાદા ભગવાન' છે. બાકી આ તો પટેલ છે. કાલે આ પરપોટો ફૂટી જાય તો લોકો એને બાળી મૂકે અને 'દાદા ભગવાન'ને કોઈ બાળી ના શકે. કારણ કે અગ્નિ સ્થૂળ સ્વરૂપ છે ને આત્મા સૂક્ષ્મ છે. સ્થૂળ સૂક્ષ્મને શી રીતે બાળે ? એવા જ જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ સ્વરૂપે રહેલા 'દાદા ભગવાન' તમારી મહીં પણ બિરાજેલા છે ! તે તમે પોતે જ છો !

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.